


ओ३म्
कृण्वन्तो विश्वमार्यम्


# आर्य वैदिक दर्शन

# ARYA VEDIC DARSHAN

# આર્ય વૈદિક દર્શન



યજ્ઞો વૈ શ્રેષ્ઠતમં કર્મ


ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું
માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

Vol. 4 Issue 2 October 2020 Ahmedabad,(Gujarat)
Page : 32, Rs,100 Annual




# આર્ય વૈદિક દર્શન

<u>આર્ય વૈદિક દર્શન</u>નું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ ૩૮૦૦૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી કવાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોધઃ ૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.

૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

બેંક ખાતાનું નામઃ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા
બેંકનું નામ : યુનીયન બેંક ઓફ ઈન્ડિયા
ખાતા નંબર : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫
IFSC : UBIN0531332

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ – તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા.

Email : aryasamaj.tnk@gmail.com, gujaratsabha@gmail.com

આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोड़ने में सर्वदा उद्यत रहना चाहिए।

# આર્ય વૈદિક દર્શન

RNI NO. Guj/Guj/2015/63289

સૃષ્ટિ સંવતઃ ૧,૯૬,૦૮,૫૩,૧૨૧
વિક્રમ સંવત: ૨૦૭૬
વર્ષ: ૪ (સળંગ વર્ષ ૩૯)
અંક: ૨, (ઓકટોબર - ૨૦૨૦)
સંપાદક: સુરેશચંદ્ર આર્ય
મોબાઈલ નં. ૯૮૨૪૦૭૨૫૦૯
સહસંપાદક: આર્યસમાજ - ટંકારા
મોબાઈલ નં. ૮૯૮૦૮૦૮૦૭૧
વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઈલ નં. ૯૦૩૩૦૩૧૧૪૬
પ્રકાશકઃ ગુજ.પ્રા.આર્ય.પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય : આર્યસમાજ, ત્રણ હાટડી, ટંકારા
મુદ્રકઃ નચિકેત આર્ટ પ્રિન્ટર્સ,
૧૧, ગેલેકસી કોમર્શિયલ સેન્ટર, જવાહર રોડ, રાજકોટ
ફોન: ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક: રૂ. ૧૦૦/-
દ્વિવાર્ષિક: રૂ. ૧૭૫/-
ત્રિવાર્ષિક: રૂ. ૨૫૦/-
આજીવન: (૧૦ વર્ષ) રૂ. ૮૦૦/-
૧ પ્રત: રૂ. ૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email : gujaratsabha@gmail.com

## સ્મૃતિ વચન

यदाणुमात्रिको भूत्वा बीजं स्थास्नु चरिष्णु च।
समाविशति संसृष्टस्तदा मूर्ति विमुञ्चति।
मनु. १६

जब अणुमात्रिक होकर स्थिरताशील स्थावर जीवों में और विचरणशील जीवों में बीज के रूप में अपने सूक्ष्म अवयवों से संयुक्त होकर प्रवेश करता है तब शरीर को धारण करता है।

## અનુક્રમણિકા

| | |
|---|---|
| જિજ્ઞાસા સમાધાન | ૪ |
| મનુષ્ય જીવનનું વાસ્તવિક લક્ષ્ય | ૮ |
| સ્વર્ણ પથ | ૧૧ |
| વેદ પ્રવચન | ૧૩ |
| સમર્પિત સ્ત્રી | ૧૯ |
| બાળકોને કેવું શિક્ષણ આપવું | ૨૦ |
| અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર | ૨૧ |
| ઘનઘોર જંગલમાં | ૨૬ |
| બાલ વિભાગ | ૩૦ |

# જિજ્ઞાસા - સમાધાન

**જીજ્ઞાસા :-** શું મનુષ્યની પ્રાર્થનાથી ઈશ્વર તેના દુઃખોને દૂર કરી શકે છે? કારણ કે સુખ-દુઃખ, રોગ, જન્મ - મરણ એ દ્વંદ્વ તો શરીર રહેતા અનિવાર્ય છે. મનુષ્ય પોતાનાં દુઃખો-રોગોને દૂર કરવા માટે ઈશ્વરને પ્રાર્થના કરે છે. શું ઈશ્વર તેની પ્રાર્થના સાંભળે છે? સાંભળીને તેના દુઃખો દૂર કરે છે? કહેવાય છે કે રોગ-શોક આપણાં કર્મોનું ફળ છે, તેને ભોગવવું જ પડે છે. રોગ મિથ્યાહાર-વિહાર, પ્રજ્ઞાપરાધથી ઉત્પન્ન થાય છે. વૈદ્યની સલાહથી મિથ્યાહાર-વિહાર બંધ કરીને ઔષધી સેવનથી રોગ દૂર થાય છે. આ બધા કર્મ જ છે. વૃદ્ધાવસ્થા આદિ અપરિહાર્ય છે, તેને કોઈ દૂર કરી શકતુ નથી. આ જ રીતે મૃત્યુ પણ અનિવાર્ય છે, આમાં ઈશ્વરનું કંઈ લેવું-દેવું નથી, તો પછી ઈશ્વર ભજન શા માટે કરવું? ગીતામાં કહ્યું છે.

**ન કર્તૃત્વં ન કર્માણિ લોકસ્ય સૃજતિ પ્રભુઃ**
**અ કર્મફલસંયોગ સ્વભાવસ્તુ પ્રવર્તતે**
**નાદત્તે કસ્યચિત પાપં ન ચૈવ સુકૃતં વિભુઃ**
**અજ્ઞાનેનાવૃતં જ્ઞાનં તેન મુહ્યન્તિ જન્તવઃ**

આ બધાથી પણ ઉપર લખેલ વાતનું સમર્થન થાય છે. પછી ઈશ્વરનું ભજન શા માટે કરવું?

ઈશ્વરને ચાપલુસી પસંદ નથી. પાપ કર્મોની સજા તે અવશ્ય આપે છે. ગમે તેટલી પ્રાર્થના કરી લો. ખરાબ કર્મોનું ફળ ભોગવવું જ પડે છે, માટે મનુષ્યએ શુભ કર્મ કરવું એ જ નિષ્કર્ષ નીકળે છે. માટે લોકો પોતાના દુઃખ દૂર કરવા ઈશ્વરને પ્રાર્થના કરે છે, એ બધું વ્યર્થ છે.

શુભ કર્મ કરનાર સુખી રહે છે, પછી ભજન શા માટે? આ એક મહત્વપૂર્ણ જીજ્ઞાસા છે, જે ચિંતનના આધાર પર ઉત્પન્ન થાય છે.

માટે આ જીજ્ઞાસાનું સમાધાન વિદ્વાન લોકો કરી શકે છે, એ જ અપેક્ષા છે.

**સમાધાન :-** મનુષ્યની પ્રાર્થનાથી ઈશ્વર દુઃખ દૂર કરે પણ છે અને નથી પણ કરતો. પ્રાર્થનાથી દુઃખ દૂર ત્યારે થાય છે જ્યારે આપણાં પુણ્યનું કર્માશય ભર્યુ હોય અને તે પ્રાર્થનાથી અન્યોની હાનિ પણ ન થતી હોય તથા તે પ્રાર્થના વેદાનુકૂલ હોય અને જ્યારે આપણું પુણ્ય કર્માશય એવું ન હોય ત્યારે

પ્રાર્થનાથી દુ:ખ દૂર થતું નથી. હા, જો આપણે પૂર્ણ પુરુષાર્થ કર્યો હોય તેમ છતાં પણ કોઈ યોગ્ય માર્ગ ન મળી રહ્યો હોય, ત્યારે સમર્પણ ભાવથી પ્રાર્થના કરીએ છીએ તો પરમેશ્વરની સહાયતા અવશ્ય મળે છે. પરમેશ્વર ન્યાયકારી તથા દયાળુ છે, તેનો ન્યાય તથા કૃપા એ જ છે કે શ્રેષ્ઠ પુણ્યાત્માઓ તથા ધર્મથી પુરુષાર્થીઓને દુ:ખથી દૂર કરવા અને અપુણ્યાત્માઓ તથા આળસુઓને યથાયોગ્ય દંડ દેવો.

જે વ્યક્તિ સિદ્ધાંતને બરાબર જાણે છે તે ઈશ્વરનું ભજન, પ્રાર્થના અવશ્ય કરશે. આપણે પ્રાર્થનાનું સ્વરૂપ તથા તેના ફળને સારી રીતે સમજી લેવું જોઈએ. પ્રાર્થનાનું સ્વરૂપ મહર્ષિ દયાનંદ લખે છે "પુરુષાર્થની ઉપરાંત ઉત્તમ કર્મોની સિદ્ધિ માટે પરમેશ્વર અથવા કોઈ સામર્થ્યવાળા મનુષ્યની સહાય લેવાને પ્રાર્થના કહે છે." - આર્યોદ્દેશ્યરત્નમાલા. "પોતાના પુરુષાર્થની ઉપરાંત પ્રાર્થના કરવી યોગ્ય છે." -સત્યાર્થ પ્રકાશ. અહીંયા પ્રાર્થનામાં મહર્ષિએ મુખ્ય રૂપથી પુરુષાર્થ પર બળ આપ્યું છે, માત્ર પ્રાર્થના પર નહી. જ્યારે વ્યક્તિ ધર્મથી પુરુષાર્થ કરે છે, ત્યારે પરમેશ્વર સહાયતા કરે જ છે. બધાનો ઉપકાર કરવાની પ્રાર્થનામાં પરમેશ્વર સહાયક બને છે, કોઈનાં હાનિકારક કર્મમાં નહી.

પ્રાયઃ આપણે પ્રાર્થનાનું ફળ દુ:ખ દૂર થવું રોગ-શોક દૂર થવા, સાધન સુવિધાઓનું મળવું માનીએ છીએ, માની લઈએ છીએ, પરંતુ પ્રાર્થનાનું ફળ આ જ નથી, અન્ય પણ છે. આ વિષયમાં મહર્ષિ લખે છે "અભિમાનનો નાશ, આત્મામાં આર્દ્રતા, ગુણ ગ્રહણમાં પુરુષાર્થ અને અત્યન્ત પ્રીતિનું હોવું પ્રાર્થનાનું ફળ છે." -આર્યોદશ્યરત્નમાલા. "પ્રાર્થનાથી નિરભિમાનતા, ઉત્સાહ અને સહાયતાનું મળવું." - સ.પ્ર. જ્યારે પ્રાર્થના કરવામાં આવે છે ત્યારે તે ફળ આપણને પ્રાપ્ત થાય છે. જો આપણી પ્રાર્થના યોગ્ય છે તો આપણી અંદર સરળતા, નમ્રતા ગુણોંના પ્રતિ આકર્ષણ અને તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન આત્માની અંદર ઉત્સાહ, માનસિક શાંતિનું હોવું આદિ નિશ્ચિત રૂપથી હશે જ. જ્યારે આવું હશે ત્યારે સ્વાભાવિક રૂપથી દુ:ખ દૂર થઈ સુખનું મળવું થઈ જીવન શાંતિથી વ્યતિત થશે. ભલે બ્રાહ્યરૂપથી દુ:ખ રોગાદિ જોવામાં આવે પરંતુ તેને સહન કરવાનું બળ, જ્ઞાન આંતરિક રૂપથી પરમેશ્વર અવશ્ય આપે છે, માટે પ્રત્યેકે પરમાત્માને પ્રાર્થના અવશ્ય કરવી જોઈએ.

બધા રોગ - શોક, દુ:ખ કર્મોનું ફળ નથી. અન્ય પ્રાણીઓ દ્વારા અથવા આપણા પોતાના અજ્ઞાનથી પણ મળી શકે છે, મળ્યું છે. જો આપણે બધા કોઈક કર્મનું ફળ માનીએ છીએ અને તેને ભોગવવું જ પડે છે એવી માન્યતા પણ છે તો તેને દૂર કરવાનો ઉપાય પણ કરવો જોઈએ નહીં, તેમ છતા પણ આપણે

ઉપાય કરીએ છીએ, જેવી રીતે ઔષધોપચાર કરીને, સાધન-સુવિધા એકત્રિત કરીને, જ્ઞાનને વધારીને પોતાના રોગ, શોકાદિને દૂર કરવાનો ઉપાય કરીએ છીએ તેવી જ રીતે ધર્મ પૂર્વક પુરુષાર્થ કરતા-કરતા પરમેશ્વરને પ્રાર્થના કરવી પણ એક પ્રબળ ઉપાય છે.

જરા-મૃત્યુ અનિવાર્ય છે, માટે તેમાં ઈશ્વરનું કંઈ લેવું-દેવું નથી, તેમ કહેવું ઉચિત નથી. કારણ કે જરા અને મૃત્યુની વ્યવસ્થા પણ ઈશ્વરે આપણાં કલ્યાણ માટે કરી રાખી છે. શરીરોંની રચના પરમેશ્વરે એ પ્રકારે કરી રાખી છે કે તે આવશે જ, મૂળ વ્યવસ્થામાં તો પરમેશ્વરનું લેવું-દેવું છે જ. જો આપણે જરા-મૃત્યુના દુઃખને જોઈને તેનાંથી બચવાનો ઉપાય શોધીએ તો તે ઉપાય પરમેશ્વરની સ્તુતિ, પ્રાર્થના અને ઉપાસના જ મળશે, માટે ઈશ્વરને પ્રાર્થના કરવી જ જોઈએ.

ગીતાના આ બંને શ્લોકોં પણ ઈશ્વર પ્રાર્થનાનો નિષેધ કરતા નથી. ગીતામાં તો ઈશ્વર સમર્પણની જ વાત આવે છે. આ શ્લોકમાં આત્માની કર્મ કરવાની સ્વતંત્રતાને બતાવી છે. જીવ કર્મ કરે છે, કર્મફળથી સંયુકત થાય છે, તે સ્વાભાવિક છે. અહીંયા ઈશ્વર જીવનું કર્તૃત્વ, કર્માદિની રચના કરતો નથી, ઈશ્વર કોઈના પાપને લેતો નથી અને ન તો પુણ્યને વધારે છે. આ બંને શ્લોકોંની વાતો સિદ્ધાંતને પુષ્ટ કરી રહી છે કે જીવ કર્મ કરવામાં સ્વતંત્ર છે, તે કર્મ કરે છે, ફળને પ્રાપ્ત કરે છે એ સ્વાભાવિક છે, પરમાત્મા તેને સ્વાભાવિક રૂપથી ફળ આપે છે. જેનું જેટલું પાપ-પુણ્ય છે તે તેટલું જ ફળ ભોગવે છે (ઓછું કે વધારે નહીં). આ જ ઈશ્વરનો ન્યાય છે.

હા, એ નિશ્ચિત છે કે ઈશ્વર ચાપલુસી પસંદ કરતો નથી, પરંતુ યથાર્થતાને તો પંસદ કરે છે. ખોટી પ્રશંસા પ્રાર્થનાથી કંઈ થતું નથી. પાપ કર્મોની સજા અવશ્ય મળે છે. વ્યક્તિ ગમે તેટલી પ્રાર્થના કરે, પરંતુ જ્યારે વ્યક્તિ ઈમાનદારીથી સારો બનવા ઈચ્છે છે અને તેના માટે પુરુષાર્થ કરે છે અને પ્રાર્થના કરે છે ત્યારે દયાળુ પરમેશ્વર તેને ઉત્સાહ આપીને સહયોગ કરે છે, શક્તિ સામર્થ્ય આપે છે, માટે પ્રાર્થના કરવી જોઈએ.

પાપ કર્મોનું ફળ ભોગવવું જ પડશે એ નિશ્ચિત છે, પરંતુ એક વ્યક્તિ ઈશ્વર પ્રત્યે આસ્થા ન રાખી ભોગવે છે અને એક વ્યક્તિ આસ્થા રાખી ભોગવે છે. બંનેમાં અંતર મળશે. આસ્થા રહિત રોઈ-રોઈને ભોગવશે અને આસ્થાવાળો ધૈર્યપૂર્વક ભોગવશે, આ ઈશ્વર કૃપાનું ફળ છે.

શુભ કર્મ કરનારા સુખી રહે છે એ પણ ઈશ્વરની જ વ્યવસ્થા છે, અન્યથા સંસારમાં તે પણ દુઃખી, અશાંત મળતા હોત, માટે સર્વત્ર ઈશ્વરની

વ્યવસ્થાને જુઓ અને ઈશ્વરની ભક્તિ વિશેષ કરો. સાચી ભક્તિ, પ્રાર્થના ક્યારેય વ્યર્થ જતી નથી.

**જીજ્ઞાસા :-** કોઈ વ્યક્તિના અપરાધને સાંસારિક વ્યક્તિ ક્ષમા કરી દે તો શું તે વ્યક્તિ કર્મફળથી બચી જશે?

**સમાધાન :-** કોઈ વ્યક્તિના અપરાધને સાંસારિક વ્યક્તિ ક્ષમા કરી દે તો પણ ક્ષમા પ્રાપ્ત વ્યક્તિ કર્મફળથી બચશે નહીં. જેણે જેવો અપરાધ કર્યો હોય છે, તેને તેનું તેટલું ફળ ભોગવવું જ પડે છે, એ જ વેદાદિ શાસ્ત્રનો નિયમ છે. અપરાધનો દંડ મળવો, તેને ભોગવવો એ બધુ આપણાં માટે કલ્યાણકારી છે, આનાથી જ આપણાં પાપ કર્મનો નાશ થાય છે. સાંસારિક વ્યક્તિ ભલે કોઈના અપરાધને ક્ષમા કરી દે પરંતુ પરમેશ્વર પાપ કર્મ (અપરાધ)ને ક્ષમા કરતો નથી. મહર્ષિ દયાનંદ આ વિષયમાં પ્રશ્નપૂર્વક સત્યાર્થ પ્રકાશમાં લખે છે -

**પ્રશ્ન :-** ઈશ્વર પોતાના ભક્તોનાં પાપોને ક્ષમા કરે છે કે નહીં?

**ઉત્તર :-** નહીં, કારણ કે પાપ ક્ષમા કરે તો તેનો ન્યાય નષ્ટ થઈ જાય અને બધા મનુષ્ય મહાપાપી બની જાય. ક્ષમાની વાત સાંભળીને લોકોને પાપ કર્મમાં નિર્ભયતા અને ઉત્સાહ આવી જાય. જેમ રાજા અપરાધીઓના અપરાધ ક્ષમા કરી દે તો તે ઉત્સાહપૂર્વક વધુને વધુ મોટાં-મોટાં પાપ કરશે, કારણ કે રાજા અપરાધ ક્ષમા કરી દેશે અને તેને પણ ભરોસો થઈ જશે કે રાજાની સામે હાથ જોડી દંડથી બચી જઈશું. જે અપરાધ કરતા નથી, તે પણ પાપ કર્મમાં પ્રવૃત્ત થઈ જશે. માટે બધા કર્મોનું યથાવત ફળ આપવું જ ઈશ્વરનું કામ છે, ક્ષમા કરવું નહીં. મહર્ષિનાં આ વચનથી જ્ઞાત થાય છે કે કર્મફળ તો ભોગવવું જ પડશે.

**જીજ્ઞાસા :-** વ્યક્તિએ વૃક્ષ વાવ્યું કે સંસ્થા ચલાવી તો શું તેનું પુણ્ય મૃત્યુ પછી જ મળશે?

**સમાધાન :-** વૃક્ષ વાવવું, સંસ્થા ચલાવી અથવા પુસ્તક લખવાંરૂપી કર્મના સાથે જ પુણ્ય મળી જાય છે. હા, તે પુણ્ય કર્મનું ફળ કયારે મળે છે, તે વિચારણીય છે. કર્મફળ આપવું ઈશ્વરના આધીન છે. તે જ્યારે ઉચિત સમજશે અને જયારે આપણાં કર્મો ફળ આપવા ઉન્મુક્ત થાય છે ત્યારે પરમેશ્વર ફળ આપે છે. તે ફળ આ જન્મમાં અથવા મૃત્યુ પછી આગળના જન્મોમાં પણ મળી શકે છે.

# અંતિમ લક્ષ્ય
## મનુષ્ય જીવન નું વાસ્તવિક લક્ષ્ય

યોગેશભાઇ કારાવડીયા, મો. ૯૮૨૫૦૨૫૨૧૦

શું આપણે કયારેય પરિવાર, સમાજ, સ્નેહીઓં, સાંસારિક પદાર્થો અને વિષયોંથી થોડી વાર માટે સંબંધો તોડી, સ્વયં માટે વિચાર કર્યો છે? **હું કોણ છું? કયાંથી આવ્યો છું? મારે કયાં જવાનું છે? મને આ શરીર શા માટે મળ્યું છે? મારું અંતિમ લક્ષ્ય શું છે? વગેરે વગેરે.**

મનને એકાગ્ર કરી પ્રત્યેક વિષયોંથી દૂર રહી કેવળ મુખ્ય લક્ષ્ય વિશે વિચાર કરીએ તો આપણને જ્ઞાન થાય છે કે મારું લક્ષ્ય ઈશ્વર પ્રાપ્તિ છે, મોક્ષ પ્રાપ્તિ છે.

આપણે થોડા એકાગ્ર થઈ ચિંતન કરીએ કે મારા જીવનનું લક્ષ્ય શું છે? શું હું તેની પ્રાપ્તિ માટેના પ્રયાસો કરું છું? તેની પાછળ પ્રબળ પુરૂષાર્થ કરું છું? મારા લક્ષ્ય પ્રાપ્તિ માટેના સાધનો મારી પાસે છે? અંદાજીત હું કેટલા સમય સુધીમાં તે લક્ષ્ય સુધી પહોંચી શકીશ? લક્ષ્ય પ્રાપ્તિમાં જો કોઈ વિઘ્ન અથવા બાધા આવે તો તેને દૂર કરવાની યોગ્યતા અને વિકલ્પો મારી પાસે છે? આ બધું વિચારવું અને તેની તૈયારી રાખવી એ આપણાં લક્ષ્ય તરફ ચાલવાની પ્રારંભિક આવશ્યકતા છે.

લોકો મુખ્યત્વે બે પ્રકારના લક્ષ્યોંમાંથી કોઈ એક લક્ષ્યનું નિર્ધારિણ કરતા હોય છે **(૧) સાંસારિક (૨) મુક્તિ અર્થાત્ ઈશ્વરીય સુખ.**

જો આપણું લક્ષ્ય સાંસારિક પદાર્થોની પ્રાપ્તિનું છે તો તેના માટેના આપણા પ્રયાસો હશે. અને વારંવાર સંસારિક પદાર્થોની પ્રાપ્તિથી પણ પૂર્ણ સંતોષ પ્રાપ્ત નથી થતો. ઉલટાનું તેને વારંવાર મેળવવાના નિરર્થક પ્રયાસો કરતા રહીશું. **આપણાં મનમાં બે પ્રકારની વિચારધારાઓં ચાલતી હોય છે. એક સંસારિક વિષયો-પદાર્થો તરફ અને બીજી ઈશ્વર વિષયક-મોક્ષ તરફ.** જે વ્યક્તિ સાંસારિક પદાર્થો તરફ રુચિ રાખે છે. તે થોડુંક વિચારે કે સંસારમાં કઈ એવી વસ્તુ છે કે જેને પ્રાપ્ત કરવાથી મને પૂર્ણ સંતોષ પ્રાપ્ત થશે ? ઉતર મળશે એક પણ નહીં.

સંસારની એક પણ વસ્તુથી આપણને પૂર્ણ સુખ અથવા તો પૂર્ણ શાંતિ પ્રાપ્ત નથી થતી. વર્તમાનમાં સંસારના ઘણાંખરાં કાર્યો, ઉપલબ્ધિ, પદાર્થોની પ્રાપ્તિ ધન-રૂપિયાથી થાય છે. માની લો કે તમને કોઈ સો અબજ રૂપિયા આપી દે તો શું તમને સો પ્રતિશત સુખ મળશે? ઉત્તર મળશે, **ના,**

**આ અસંભવ છે.**

જો ધનથી જ સંપૂર્ણ સુખ, તૃપ્તિ, આનંદ મળતો હોય તો આજે વિશ્વના અનેક ધનપતિઓં સુખને ખરીદી લેત અને ગરીબોં પાસે તો હંમેશ માટે દુઃખ જ રહેત, માટે નિષ્કર્ષ એ નિકળે છે કે આપણે ગમે તેટલા ધનવાન બની જઈએ, સંસારનું ઊંચામાં ઊંચું પદ પ્રાપ્ત થાય, અસંખ્ય લોકો આપણને ભલે સમ્માનિત કરતા હોય, **પરંતુ સંસારમાં પૂર્ણ તૃપ્તિ નથી.**

માટે જ ઉપનિષદકાર કહે છે કે **न वित्तेन तर्पणीयो मनुष्यः** (કઠોપનિષદ - ૧-૨૧) અર્થાત્ **આ સંસારમાં કોઈ પણ મનુષ્ય ધનથી તૃપ્ત નથી થતો.** સંસારના પ્રત્યેક પદાર્થો ઈશ્વરે આપણને સાધનના રૂપમાં આપ્યા છે. આ મનુષ્ય શરીર પણ ઈશ્વર પ્રાપ્તિ માટેનું એક સાધન છે.

સંસારના પ્રત્યેક પદાર્થો મારા છે અને તેને પ્રાપ્ત કરવાથી હું પૂર્ણ સુખી થઈ જઈશ આવું માનવું અવિદ્યા છે, અજ્ઞાનતા છે, મૂર્ખતા છે.

માટે જ યોગદર્શનકાર કહે છે. **सुखानुशयी रागः** (સાધનપાદ સુત્ર ૭) અર્થાત્ સંસારિક પદાર્થોનું સુખ ભોગવ્યા પછી મનમાં સુખ અને સુખના સાધનો મેળવવાની ઈચ્છા અર્થાત્ લોભ - રાગ નામનું દુઃખ છે.

અને **दुःखानुशायी द्वेषः** સુત્ર ૮ અર્થાત્ દુઃખ ભોગવ્યા પછી મનમાં દુઃખ અને દુઃખ આપનાર સાધનો પ્રત્યે તેના વિનાશની ઈચ્છા, ક્રોધ આક્રોશ એ દ્વેષ નામનું દુઃખ છે.

**રાગ અને દ્વેષ સંસારમાં બંધનનું કારણ બને છે.** સંસારિક પદાર્થો અનિત્ય છે તે કોઈ દિવસ આપણને સો પ્રતિશત પૂર્ણ સુખ આપી શકતા નથી. તો પ્રશ્ન થાય છે કે આ બધાંમાંથી મુક્ત કેવી રીતે થવું? આ બધા પ્રશ્નોના ઉત્તર દર્શનકાર સૂત્રોમાં આપતા કહે છે જન્મ મરણના ચક્કરમાંથી છૂટી મોક્ષ અર્થાત્ ઈશ્વર પ્રાપ્તિ માટે પ્રત્યેક આત્માએ નીચે પ્રમાણે કાર્યો કરવા પડશે.

अथ त्रिविधदुःखात्यन्तनिवृत्तिरत्यन्तपुरुषार्थः સાંખ્ય દર્શન ૧/૧ **અર્થાત્ આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક આ ત્રણ પ્રકારના દુઃખોથી લાંબા સમય સુધી પૂર્ણ રીતે છૂટવું આ જીવાત્માનું અંતિમ લક્ષ્ય છે.**

સંસારમાં પ્રત્યેક મનુષ્યને દુઃખ પ્રાપ્ત થતું હોય છે. અને સંસારના પ્રત્યેક દુઃખોંને આ ત્રણ વિભાગોંમાં સમાવી લેવાયા છે.

(૧) **આધ્યાત્મિક** અર્થાત્ :- આધ્યાત્મિક દુઃખ આપણા આંતરિક કારણોંથી ઉત્પન્ન થાય છે, તે બે પ્રકારના છે. (ક) શારીરિક (ખ) માનસિક

શારીરિકમાં વાત, પિત અને કફના કારણે તાવ, શરદી, ત્વચારોગ, શરીરના અંગોંના રોગ, વિપરીત વાતાવરણ, પરિસ્થિતિના કારણે મળતું દુઃખ શારીરિક દુઃખ છે.

કામ, ક્રોધ, લોભ, ઈર્ષા, દ્વેષ, રાગ વગેરે મનોવિકારથી ઉત્પન્ન થતું દુઃખ માનસિક દુઃખ છે.

(૨) **આધિભૌતિક દુઃખ** અર્થાત્ સાપ, વિંછી, કરડવાથી, હિંસક પ્રાણીઓં સિંહ, વાઘ દ્વારા અથવા કોઈ મનુષ્ય દ્વારા મારપીટ, અકસ્માત, કડવાં શબ્દો કહેવાથી મળતું દુઃખ

(૩) **આધિદૈવિક દુઃખ** અર્થાત્ પ્રકૃતિ દ્વારા ખૂબ ગરમી, ઠંડી, વર્ષા, ભુકંપ, વાવાઝોડું સુનામી વગેરે દ્વારા પ્રાપ્ત થતું દુઃખ. **આ ત્રણ પ્રકારના દુઃખોથી સંપૂર્ણ રીતે છૂટવું આપણું લક્ષ્ય હોવું જોઈએ.**

ન્યાય દર્શનકાર કહે છે કે **बाधनालक्षणं दुःखम्** ૧.૧.૨૧ અર્થાત્ **જે અનુભૂતિ, અનુભવ આપણને સારા નથી લાગતાં જેમકે બાધા, પીડા, તાપ, જે કષ્ટસ્વરૂપ છે તેને દુઃખ કહે છે.**

આત્માનો સ્વભાવ છે કે હમેંશા તે સુખ પ્રાપ્ત કરવા માંગે છે. દુઃખને નથી ઈચ્છતો. આપણે આપણા જીવનમાં કોઈ પણ એવું કાર્ય નહીં કરીએ કે જેનાથી આપણાને દુઃખ મળે એટલે જ દર્શનકાર બીજા સૂત્રમાં કહે છે કે तदत्यन्तविमोक्षोऽपवर्गः **૧.૧.૨૨** અર્થાત્ **બધા પ્રકારના દુઃખોથી સંપૂર્ણપણે મોક્ષકાળ સુધી છૂટી જવું અપવર્ગ - મોક્ષ કહેવાય છે.**

સંસારિક દુઃખોં મળવાનું મૂળ કારણ છે આત્માનો શરીર સાથેનો સંબંધ. જો આત્મા શરીર ધારણ કરશે તો સુખ-દુઃખ બંને ભોગવવા જ પડશે. તેમાં બીજો કોઈ વિકલ્પ નથી. દુઃખોંનું કારણ અને તેનાથી છૂટવાનો ઉપાય ન્યાયદર્શનકાર કહે છે.

दुःखजन्मप्रवृत्तिदोषमिथ्याज्ञानानामुत्तरोत्तराऽपाय तदन्तरापायादपवर्गः **૧.૧.૨.** અર્થાત્ દુઃખ, જન્મ, પ્રવૃતિ, દોષ અને મિથ્યાજ્ઞાન (અજ્ઞાન, અવિદ્યા) ના નષ્ટ થઈ જવાથી મોક્ષ મળે છે.

કહેવાનુ તાત્પર્ય એ છે કે મનુષ્ય અજ્ઞાનતા, અવિદ્યા, મૂર્ખતા ના કારણે દોષ-ભૂલ કરે છે અને દોષયુક્ત થઈ પ્રવૃતિ - પાપ-પુણ્ય કર્મો કરે છે

(અનુસંધાન પાના નં. ૧૮ ઉપર)

# સ્વર્ણ પથ

સ્વામી જગદીશ્વરાનંદ

## જેવી કરણી તેવી ભરણી

**पक्तारं पक्वः पुनरा विशाति।** (अथर्व १२-३-४८)

(**पक्वः**) પકાવેલો પદાર્થ (**पक्तारम्**)પદાર્થ પકાવનારને (**पुनः**) ફરી (**आ विशाति**) આવી મળે છે, અર્થાત્ જેવું કર્મ કરે છે તેને તેવું જ ફળ મળે છે.

વૈદિક ધર્મમાં કર્મનો સિદ્ધાંત ખૂબ જ અટલ છે, કર્મના ત્રણ સિદ્ધાંતો છે (૧) મનુષ્ય કર્મ કર્યા વિના એક ક્ષણ પણ રહી શકતો નથી. (૨) કર્મનું ફળ અવશ્ય મળે છે. કર્મ કરીને કોઈ એના ફળથી બચી શકતો નથી. (૩) ઉત્તમ, શ્રેષ્ઠ કર્મોનું ફળ ઉત્તમ હોય છે અને અશુભ, ખરાબ કર્મોનું ફળ ખરાબ હોય છે.

આપણે કર્મ કર્યા વગર રહી શકતા જ નથી, માટે આપણે શુભ કર્મ કરવાં જ જોઈએ. જો આપણે ખરાબ કર્મ કરીશું તો આપણને ફળ પણ ખરાબ જ મળશે. આ વિશે એક સત્ય ઘટના લખું છે.

બે વેપારીઓ કયાંક જઈ રહ્યા હતા. માર્ગમાં સૂર્ય આથમી ગયો. નજીકના ગામમાં જઈ એક પટેલને ત્યાં રાત વિતાવવા કહ્યું. જગ્યા મળી ગઈ, પરંતુ આ વેપારીઓની રૂપિયાની થેલી જોઈ પટેલની દાનત બગડી ગઈ. પટેલે આ વેપારીઓની સૂવાની વ્યવસ્થા કરી બે ગુંડાઓને બોલાવ્યા અને કહ્યું, "મારા દરવાજામાં બે માણસો સૂઈ રહ્યા છે, તેમને રાત દરમ્યાન મારી નાખો." ઈનામની લાલચે ગુંડાઓએ આ વાત સ્વીકારી લીધી.

પટેલના બે પુત્રોં ખેતરમાં સૂવા ગયેલા, પરંતુ ત્યાં પટેલના નોકરો પહોંચી ગયા હતા એટલે બંને ઘેરે પાછા ફર્યા. રાત ખૂબ જ થઈ ગઈ હોવાથી બંનેએ બહાર જ સૂઈ જવાનું યોગ્ય માન્યું. પલંગ પર અજાણ્યા લોકોને પડેલા જોઈ તેઓને ત્યાંથી દૂર કાઢયા. વેપારીઓ તો ઢોર બાંધવાની જગ્યામાં જતા રહ્યા અને પટેલના બંને પુત્રો પલંગ પર સૂઈ ગયા. રાતના પેલા ગુંડાઓ આવ્યા અને એક-એક ઝાટકે બંનેના માથાં વાઢી ચાલી નીકળ્યા. સવારે જયારે વેપારીઓ ત્યાંથી જવા માટે નીકળ્યા તો આંગણામાં

લોહી દેખાયું. તેઓની બૂમ સાંભળી પટેલ બહાર આવ્યા, પરંતુ હવે શું થાય ! તેની કરણી તેની સામે જ હતી. આ છે કર્મોનું ફળ! જે બીજા માટે ખાડો ખોદે છે, તે પોતે જ તેમાં પડે છે. '**उद्धोकर्मनकीगतिन्यारी**' કર્મોની ગતિ ખૂબ જ વિચિત્ર છે. કયારેક કર્મ ફળ પર શંકા થવા માંડે છે. કયારેક પાપી લોકોને સુખી જોઈ સંદેહ થવા માંડે છે, પરંતુ પાપીઓનો વૈભવ જોઈ શંકા ન કરો. જે અપરાધી ફાંસીએ ચઢાવવામાં આવે છે, તેને ફાંસી આપતા પહેલાં ઈચ્છા પ્રમાણે ભોજન-સામગ્રી પણ આપવામાં આવે છે.

જેવું કર્મ કરીએ છીએ, તેવું જ આપણને ફળ મળે છે. મહર્ષિ વ્યાસજીના શબ્દો હંમેશા યાદ રાખો.

"જે મનુષ્યે જે કર્મ કર્યુ છે, તે તેની પાછળ લાગ્યું જ રહે છે. જો કર્મ કરનાર ઉતાવળો દોડે છે તો કર્મ પણ એટલી જ ગતિથી તેની પાછળ દોડે છે. જ્યારે તે સૂઈ જાય છે ત્યારે કર્મફળ પણ સૂઈ જાય છે. જ્યારે તે ઊભો થાય છે. ત્યારે કર્મફળ પણ ઊભું થાય છે, અને જ્યારે મનુષ્ય ચાલે છે ત્યારે કર્મફળ પણ ચાલે છે. આટલું જ નહિ, કાર્ય કરતી વખતે પણ કર્મ-સંસ્કાર તેનો સાથ નથી છોડતા હંમેશા છાયાની માફક પાછળ લાગેલાં જ રહે છે."

---

**અનુસંધાન પાના નં. ૨૪ પરથી**

આરબમાં જ્યાં-જ્યાં ભારતીય મુસલમાનો વસ્યા છે, તેઓ બધા હળીમળીને રહે છે. તેમને અરબી શીખવાની આવશ્યકતા રહેતી નથી. ઘણા એવા લોકો પણ છે જેઓ ત્યાં ચાલીસ-ચાલીસ વર્ષથી રહેતા આવ્યા છે. તેઓને પણ અરબીનો એક અક્ષર પણ આવડતો નથી.

હું ત્યાં ગયો ત્યારે આર્યસમાજનું મંદિર ભાડાના મકાનમાં હતું. હું ત્યાંના બાદશાહ મલિક ફૈસલ ઈબન શરીફ હુસેનની પાસે ગયો અને આર્યસમાજ મંદિર માટે જમીનની માંગણી કરી. તેમણે મને ઉત્તર આપ્યો કે અલઈરાકમાં બહારથી આવેલા લોકોને અહીં મકાન બનાવવાની છૂટ આપવામાં આવતી નથી, પણ જ્યારે મેં એમને વિશ્વાસ અપાવ્યો કે આ જગ્યાનો ઈશ્વર ઉપાસના સિવાય અન્ય કોઈ ઉપયોગ કરવામાં આવશે નહીં ઉપરાંત કોઈની વ્યક્તિગત માલિકી પણ રહેશે નહીં. એટલે તેઓએ મને જમીન ખરીદવાની છૂટ આપી. મેં બગદાદમાં લગભગ ચાલીસ દિવસો સુધી વૈદિક ધર્મનો પ્રચાર કર્યો.

# વેદ પ્રવચન

પંડિત ગંગાપ્રસાદ ઉપાધ્યાય
અનુવાદક : નાથુભાઈ ડોડિયા

सक्तुमिव तितउना पुनन्तो यत्र धीरा मनसा वाचमकृत ।
अत्रा सखायः सख्यानि जानते भद्रै एषां लक्ष्मीर्निहिताधि वाचि ।।

ऋ. १०-७१-२

અન્વય :- तितउना सक्तुं इव यत्र मनसा पुनन्तः धीराः वाचं अकृत । अत्र सखायः सख्यानि जानते (जानन्ति)। भद्रा लक्ष्मीः एषां वाचि अधि निहिता अस्ति ।

અર્થ :- જેમ (तितउना) ચાળણીમાં ચાળીને (सक्तुम् इव) સત્તુને સાફ કરવામાં આવે છે, તેવી રીતે (यत्र) જે વિષયમાં (धीराः) બુદ્ધિમાન લોકો (मनसा) જ્ઞાનરૂપી ચાળણી દ્વારા (वाचम्) વાણીને (पुनन्तः) શુદ્ધ કરીને (अकृत) ઉપયોગ કરે છે (अत्र) ત્યાં (सखायः) હિતેષી વિદ્વાન લોકો (सख्यानि) હિતની વાતોને (जानते) સમજે છે. (एषाम् वाचि) તેમની વાણીમાં (भद्रा लक्ष्मीः) કલ્યાણકારી લક્ષ્મી (अधि निहिता) રહે છે.

વ્યાખ્યા :- આ મંત્રનો આરંભ ઉપમાથી થાય છે. सक्तु એટલે કે સત્તુ અને तितउ એટલે ચાળણી ઉપમાઓ છે 'वाच' વાણી અને 'मनस' બુદ્ધિ ઉપમેય છે. આ પુરા વાક્યને કહીશું 'ઉપમાન પ્રમાણ'. ન્યાયદર્શનમાં ગૌતમ મહામુનિ ચાર પ્રમાણોનો ઉલ્લેખ કરે છે (૧) પ્રત્યક્ષ (૨) અનુમાન (૩) ઉપમાન અને (૪) શબ્દ. આ પ્રમાણો દ્વારા જ મનુષ્યને જ્ઞાનની ઉપલબ્ધિ થાય છે આમાં મુખ્ય કે મૌલિક પ્રમાણ પ્રત્યક્ષ જ છે 'प्रत्यक्षं किं प्रमाणम्' અર્થાત્ જે વસ્તુ પ્રત્યક્ષ (નજર સામે) છે તેને માટે બીજા પ્રમાણોની આવશ્યકતા નથી. આથી એ સિદ્ધ થાય છે કે પ્રત્યક્ષ ઉપસ્થિત ન હોય ત્યારે બીજા પ્રમાણોની આવશ્યકતા પડે છે. આ વિષયમાં કેટલાક તર્કવાદીઓએ મોટે ભાગે ભૂલ કરી છે. તેમાંથી કેટલાંકનું કહેવું છે કે જેનું પ્રત્યક્ષ નથી હોતું જેમ કે ઈશ્વર, તે પ્રત્યક્ષના અભાવે બીજા પ્રમાણો દ્વારા કેવી રીતે સિદ્ધ થઈ શકે, કારણ કે અન્ય પ્રમાણોનો આધાર પ્રત્યક્ષ જ છે. જ્યારે આધાર નથી તો આધેય કેવી રીતે? આ તર્ક મોટે ભાગે જૈન

વગેરે નાસ્તિકોએ આસ્તિકતાના વિરોધમાં આપેલ છે, પરંતુ આનુષાંગિક રૂપે અમે અહીં સ્પષ્ટ કરીએ કે અનુમાન વગેરે પ્રમાણો ત્યાં જ ઉપયોગ થાય છે જ્યાં પ્રત્યક્ષ પ્રમાણ ઉપલબ્ધ નથી થતું. એ વાજબી છે કે અનુમાન આદિ બાકીના પ્રમાણોનું પ્રમાણત્વ પ્રત્યક્ષ પ્રમાણના આધાર પર જ છે. પરંતુ પ્રમાણ અને પ્રમેયમાં તફાવત છે, જો પ્રમેય પ્રત્યક્ષ થઈ ગયું તો બીજા પ્રમાણોને શોધવાની આવશ્યકતા નથી. ત્રાજવાં (કાંટો) કોઈ મુખ્ય ત્રાજવાંને આધારે બનાવવામાં આવે છે પરંતુ બધી વસ્તુઓ મૂળ ત્રાજવાંને આધારે તોળવામાં આવતી નથી, જ્યારે મુખ્ય ત્રાજવાં (કાંટો) ઉપલબ્ધ નથી ત્યારે બીજા ત્રાજવાંનો ઉપયોગ કરવામાં આવે છે.

'પ્રત્યક્ષ' અને 'ઉપમાન' નો આ સંબંધ બતાવ્યા પછી જોવું જોઈએ ઉપમાન છે શું? સાધારણ રીતે ઉપમા અને ઉપમેયમાં 'સાધર્મ્ય' (સમાન ધર્મ) હોવો જોઈએ પરંતુ સંસારમાં એવી કોઈ વસ્તુ નથી મળતી જેમાં સાધર્મ્ય ન હોય. ભૂંડની પૂંછડી અને હાથીના માથામાં પણ સાધર્મ્ય છે એટલે કે બન્ને પંચભૂતોમાંથી બનેલ પદાર્થ છે. પરંતુ કોઈએ પણ કોઈપણ દિવસ હાથીના માથા માટે ભૂડની પૂંછડીની ઉપમા આપી નથી. કારણકે ગૌતમજીએ ઉપમાનના જે લક્ષણ આપ્યા છે, તે ભૂંડની પૂંછડી અને હાથીના માથાને લાગુ નથી પડતા. **'प्रसिद्धसाधर्म्यात् साध्यसाधनमुपमानम्'** (**न्याय दर्शन १-१-६**) અહીં સાધર્મ્યની સાથે 'પ્રસિદ્ધ' શબ્દનું વિશેષણ આપેલ છે તે અતિમહત્વનું છે. તેની ઉપેક્ષા ન કરવી જોઈએ. સાધર્મ્ય એવું હોવું જોઈએ એ તરત દેખાવું જોઈએ. આને માટે ઉપમામાં બે ગુણ હોવા જોઈએ એક તો સ્થૂલ (મોટું) હોવું જોઈએ અને બીજું બહું પરિચિત (જાણીતું) હોવું જોઈએ. અજ્ઞાત ઉપમેયને જ્ઞાત ઉપમાથી માપીએ છીએ. જો ઉપમા અજ્ઞાત હોય તો તેનાથી ઉપમેયને જાણવાની સરળતા નહિ પડે. જેમ કોઈ કહે કે આપના ઘરમાં રહેવાથી મને સ્વર્ગ જેવો આનંદ પ્રાપ્ત થયો. અહીં સ્વર્ગ અજ્ઞાત છે, પ્રસિદ્ધ સાધર્મ્ય નથી, આથી આ ઉપમા વાજબી નથી. વેદમાં ઘણી બધી ઉપમાઓનો પ્રયોગ આવે છે. આ બધી ઉપમાઓ ઉપમેયોની સરખામણીમાં વધારે સ્થૂળ અને વધારે પરિચિત છે.

આ મંત્રમાં સત્તુ અને ચાળણી (**सक्तु** અને **तितउ**) ઘર વપરાશની દૈનિક વસ્તુઓ છે. એ સારી રીતે સુપરિચિત છે. આ ઉપમાઓનો પ્રયોગ **'वाचं'** અને **'मनसा'** બન્ને સૂક્ષ્મ ઉપમેયો માટે કરવામાં આવ્યો છે. જો કે સાધારણ અર્થોને સમજવા માટે અમારા આ લાંબા વ્યાખ્યાનની આવશ્યકતા

ન હતી, પરંતુ વેદોમાં સર્વે વિદ્યાઓનો સમાવેશ છે. વેદ એક આદર્શ પ્રસ્તુત કરે છે. આથી અમે જરૂરી માન્યું કે થોડાંક વિષયની બહાર જઈને પણ એ જટિલ પ્રશ્ન ઉપર વ્યવહારિક પ્રકાશ નાખવામાં આવે. તેનાથી વેદોના સાહિત્યિક અલંકારોની શોભાની આભા (પ્રકાશ) નો આનંદ પણ મળે છે.

હવે મંત્રની વ્યાખ્યા પર ધ્યાન આપો. ઉપમાનથી જ શરૂઆત કરીએ. સત્તુને સાફ કરવા માટે ચાળણી કે સૂપડાંનો ઉપયોગ કરવામાં આવે છે શા માટે ? સાફ કર્યા વગરના સત્તુનો ઉપયોગ કેમ કરવામાં નથી આવતો? આના બે કારણો છે. એક તો તેમાં બીજા અન્ય પદાર્થો, ધૂળ, રેતી, કાંકરા વગેરે ભળેલ ન હોય અને ભળેલ હોય તો ચાળણી કે સૂપડાં દ્વારા તેને દૂર કરવામાં આવે. બીજુ સત્તુમાં ધૂળ, ભૂસુ, કે રેતી ભળેલ હોય તો તેને દૂર કરવામાં આવે. કારણ કે તેને પચાવવામાં મુશ્કેલી પડે છે આથી સત્તુ શુદ્ધ હોવા જોઈએ અને કઠણ પણ ન હોવા જોઈએ.

વાણીમાં બે ગુણ હોવા જોઈએ એક સત્ય અને બીજુ પ્રિય હોવું **'सत्यं ब्रूयात् प्रियं ब्रूयात्'** અપ્રિય સત્ય હોવા છતા પણ નિષિધ છે કારણ કે તેમાં કર્કશતા – કઠોરતા છે. સત્તુ દળવામાં ખામી છે. એ એટલા બધા જાડા દળ્યા છે કે તે ખાવામાં અનુકૂળ નથી. જે વાણી જરૂરી સાવધાની સાથે વિચારીને ન બોલવામાં આવે તો તે સત્ય હોવા છતા પણ લડાઈનું કારણ બને છે. સત્તુમાં અન્ય પદાર્થની મેળવણી કરવી એ વાણીમાં બીજી ઉટપટાંગ વાત ઉમેરવા સમાન છે. આથી અસત્ય પ્રિય હોય તો પણ ન કહેવું. રાજદરબારમાં હંમેશા અસત્ય જ બોલવામાં આવે છે. આમાં મનોરંજન તો પ્રાપ્ત થાય છે પરંતુ હાનિ અનેકગણી થાય છે. ઈંગ્લેન્ડના એક રાજા કૈન્યુટની વાત પ્રસિદ્ધ છે. એના ખુશામતી દરબારીઓ કહેતા હતા કે મહારાજ આપની આજ્ઞા તો સમુદ્ર પણ માને છે. રાજાએ એક દિવસ આજ્ઞા આપી કે મારી ખુરશી દરિયા કિનારે મૂકો જ્યાં સમુદ્રના મોજાઓ આવતા હોય. દરબારીઓએ શંકા કરી કે અહીં તો સમુદ્રના મોજા આવશે? રાજાએ કહ્યું કે સમુદ્રને કહી દો કે તે પોતાના મોજા રોકી રાખે. દરબારીઓએ કહ્યું કે સમુદ્ર કેવી રીતે માનશે? રાજાએ કહ્યું કે તમે તો કહી રહ્યા હતા કે સમુદ્ર રાજાનો આજ્ઞાકારી છે! તમે કેમ આવું જૂઠું બોલ્યા કરતા હતા? દરબારીઓ શરમાઇ ગયા. બીજા રાજાઓ પણ આ પ્રકારનો વ્યવહાર કરે તો તેઓ કદી પણ દગાનો ભોગ બને નહીં.

આ માટે વેદમંત્ર કહે છે કે **'वाच'** અર્થાત્ વાણીમાં જોઈ-વિચારીને બોલો. આમાંથી અસત્યતા (અન્ય પદાર્થ = foreign matter) અપ્રિયતા (કઠોરતાં

= indigestible matter) ને કાઢી નાખો.

એવી કંઈ ચાળણી છે, જેનાથી વાણીના આ બે અવગુણ દૂર કરી શકાય? મંત્ર ઉત્તર આપે છે. તમારી બુદ્ધિ (મનઃ) જ આવી ચાળણી છે. બુદ્ધિ કે તર્કથી શુદ્ધ કરીને વાણી બોલો. જેવી રીતે જુદા જુદા પ્રકારના પદાર્થોમાંથી અન્ય અને કર્કશ (કઠોર) પદાર્થો દૂર કરવા માટે જુદા જુદા પ્રકારની ચાળણીઓ બનાવવામાં આવી છે. આવી જ રીતે વાણીમાં અસત્યતા અને અપ્રિયતાને દૂર કરવા માટે બૃહદ તર્કશાસ્ત્રનું નિર્માણ થયું છે. ન્યાયદર્શનનું પહેલું સૂત્ર પ્રમાણ થી આરંભ થાય છે અને નિશ્રેયસાધિગમઃ અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ પર સમાપ્ત થાય છે. આ વેદમંત્ર પણ સત્તુરૂપી ઉપમાનથી શરૂ થઈને લક્ષ્મી (ભદ્રા લક્ષ્મી) પર સમાપ્ત થાય છે. અર્થાત્ જો આપણે બુદ્ધિથી જોઈ-વિચારીને વેદવાણીનો પ્રયોગ કરીશું તો આપણને પરમ શાંતિની પ્રાપ્તિ થશે.

વેદવાણી વિદ્યાનો નિધિ (સમુદ્ર) છે, તેની મદદથી મનુષ્ય હિત અને અહિતની ચર્ચા - વિચારણા કરે છે. બુદ્ધિપૂર્વક વાણીનો પ્રયોગ કરનાર (सखायः) મિત્ર લોકો (सख्यानि जानते) સ્વહિતોને ઓળખે છે અને પોતાની વિદ્યા દ્વારા શાંતિને પ્રસ્થાપિત કરે છે. જો બુદ્ધિરૂપી ચાળણીનો ઉપયોગ ન કરવામાં આવે તો તેની વાણી અશુદ્ધ સત્તુઓની જેમ ઝઘડો, ભ્રાંતિ અને પતનનું કારણ બને છે. બધા જ જાણે છે કે એક મનુષ્ય જ ભાષાનો ઉપયોગ કરે છે. એ જ મનુષ્ય જીવનનું ગૌરવ છે પરંતુ જ્યારે આ ભાષા બુદ્ધિ વગર બોલવવામાં આવે છે તો મનુષ્ય જાતિ ઘણા ભયંકર દોષોનો ભોગ બને છે. જે દોષ કોઈ પશુ, પક્ષી, કે કીટ- પતંગમાં જોવામાં આવતો નથી. કહેવામાં આવે છે કે દ્રોપદીએ પોતાની અજ્ઞાનતા કે બુદ્ધિહીનતાને કારણે કૌરવોને મહેણું માર્યું હતું કે 'આંધળાના આંધળા જ ઉત્પન્ન થાય' આ વાણીનો દોષ હતો અને નાનકડા દોષને કારણે મહાભારતનું યુદ્ધ થયું. આ તો એક પ્રસિદ્ધ ઉદાહરણ છે, પરંતુ આવા કેટલાંય ઉદાહરણો આપણને પરિવારમાં અને જીવનક્ષેત્રમાં મળશે જેણે સંસારને દુઃખ સાગરમાં ડુબાડી દીધો છે. આ માટે સ્મૃતિકારે આ ચેતવણી આપી છે.

**अहिंसायैव भूतानां कार्य्यं श्रेयोऽनुशासनम्।**
**वाक् चैव मधुरा श्लक्ष्णा प्रयोज्या धर्ममिच्छता।।** મનુ. ૨-૧૫૯

સ્વામી દયાનંદે આ શ્લોકનો ભાવાર્થ આ મુજબ આપ્યો છે. જે

ઉપદેશક વર્ગ માટે ઉપયોગી છે - એટલા માટે (ઉપદેશક) વિદ્યા ભણીને વિદ્વાન ધર્માત્મા થઈને નિર્વૈરતાથી સર્વ પ્રાણીઓના કલ્યાણનો ઉપદેશ કરે અને અને ઉપદેશમાં વાણી મધુર અને કોમળ બોલે. જે પોતાના સત્યોપદેશથી ધર્મની વૃદ્ધિ અને અધર્મનો નાશ કરે છે, તે પુરુષ ધન્ય છે.

- સત્યાર્થ પ્રકાશ સમુલ્લાસ દસ (૧૦)

ઋષિ દયાનંદે જે વિદ્વાન ઉપદેશકો માટે ઉપરના ઉદ્ધરણમાં સંકેત કર્યો છે, તેને જ વેદમંત્રમાં **'सखाय'** કહેવામાં આવ્યો છે. **सखीन्** કે **सखा** શબ્દની વ્યુત્પત્તિ આ મુજબ છે. **'सखाय: समानस्थाना: शास्त्रादिविषयज्ञाना:'** **'ख्या प्रकथन'** ધાતુમાં **'स'** જોડીને **'सखीन्'** શબ્દ બની ગયો છે. ખ્યાતિ, વ્યાખ્યા, વ્યાખ્યાન, આ બધા શબ્દો આ ધાતુનો અર્થ દર્શાવે છે. જે ઉપદેશક બુદ્ધિનો ઉપયોગ કરીને વિદ્યા પ્રાપ્ત કરે છે અને શુદ્ધ ભાવથી તેનો ઉપદેશક કરે છે તે 'સખા' છે અને સખાના સખિત્વનું જે ફળ છે તે રીતે સખ્ય છે. સખ્યનું પરિણામ છે ભદ્રા લક્ષ્મી. અહીં એ યાદ રાખવું જોઈએ કે કેવળ બોલવાથી ભદ્રા લક્ષ્મીની પ્રાપ્તિ નથી થઈ શકતી. વક્તાઓ તો સમાજમાં બહુ જ પ્રમાણમાં છે. આમાંથી ઘણા બધા પ્રભાવશાળી પણ હોય છે જેને વાક્-પટુ, સભા-ચતુર કે વાચાળ કહીએ છીએ, આ બધા તોલીતોલીને વાણીનો પ્રયોગ નથી કરતા. મોટામોટા વ્યાખ્યાનકારો પોતાના ઉત્તેજક વ્યાખ્યાનો દ્વારા જનતાને પથભ્રષ્ટ કરી દે છે. કહેવાય છે કે ભાષા ભાવનાઓને વ્યક્ત છે. (Language is that which express thought) પરંતુ આ ભાષા નાદાન કે સ્વાર્થી મનુષ્યો દ્વારા પ્રયોજવામાં આવે છે ત્યારે તે ભાવનાઓ છુપાવવાનું સાધન બની જાય છે. ( Language is that which conceals thought) દેશ જ્યારે બે પક્ષમાં વિભક્ત થઈ જાય છે ત્યારે દરેક પક્ષના નેતા-આગેવાન બીજા પક્ષની વિરૂદ્ધ ભ્રાંતિઓ ઉત્પન્ન કરે છે. આમ ભાષાને સમજયા વગર, વિચાર્યા વગર બોલવાને કારણે બને છે.

મનુ મહારાજે વાણીના ચાર દોષ બતાવ્યા છે. જેનાથી વાણી દૂષિત થાય છે.

**पारुष्यमनृतं चैव पैशून्यं चापि सर्वशः ।**
**असम्बद्धपलापश्च वाङ्मयं स्वाच्चतुर्विधम् ।।** મનુ. ૧૨-૬

વાણી સંબધી દોષ ચાર છે - પ્રથમ **(पारुष्य)** કઠોર શબ્દ, બીજું **(अनृत)** જુઠું બોલવું, ત્રીજું **(पैशून्यम्)** સર્વે પ્રકારની ચાડી-ચુગલી કરવી

અને ચોથું (असम्बद्धपलाप) વ્યર્થની વાતચીત કરવી. આ ચારેય પ્રસિદ્ધ દોષો છે. જે શુદ્ધ સત્તુઓને ખાવા લાયકથી ન ખાવા લાયક બનાવી દે છે. અને સખાઓ (મિત્રો) ને શત્રુમાં ફેરવી નાખે છે. આ દોષોથી બચવાનો એક જ ઉપાય છે કે વાણીને બુદ્ધિની ચાળણીમાં ચાળીને તેનો પ્રયોગ કરવો. જેઓએ ભારતવર્ષની સભ્યતાનો હજારો વર્ષ પહેલાંનો ઈતિહાસ વાંચ્યો હશે તે જાણે છે કે જ્યાં શુદ્ધ વેદવાણીએ આર્યજાતિને સંસારની સર્વથી પ્રમુખ અને પ્રભાવશાળી જાતિ બનાવી છે, એ જ જાતિ જ્યારે વેદવાણીને બુદ્ધિથી અલગ કરીને વર્તવાનું શરૂ કર્યું, તે પછી વેદમંત્રો વાંચીને તેના કેવા કેવા અનર્થો તેમણે નથી કર્યા? નવા નવા અવૈદિક ધર્મોની સ્થાપના અને તેનો વિકાસ આ બુદ્ધિહીનતાનું પરિણામ હતું, આથી આ આવશ્યક છે કે આપણે આ મંત્રનો પૂરી રીતે વિચાર કરીને અને જે જે પરિસ્થિતિઓ આવી રીતે ઉત્પન્ન થઈ છે જેને કારણે આપણે લક્ષ્મીની પ્રાપ્તિ નથી કરી શકતા. તેનું નિરાકરણ કરીએ. જ્યારે આપણે કહીએ છીએ કે વેદોનું ભણવું - ભણાવવું અને સાંભળવું - સંભળાવવું વગેરે આર્યોનો પરમ ધર્મ છે, તો તેનો એ જ અર્થ કે વેદમંત્રના અર્થોને બુદ્ધિની કસોટી ઉપર કસીને અને તેની યથાર્થ ભાવનાઓને સમજીને તે અનુસાર આપણે આચરણ કરીએ ત્યારે જ આપણી ઉન્નતિ થશે અને વિશ્વનું કલ્યાણ થશે.

---

**અનુસંધાન પાના નં. ૧૦ પરથી**

અને પ્રવૃત્તિના કારણે **જન્મ પ્રાપ્ત થાય છે અને જન્મના** કારણો દુઃખને પ્રાપ્ત થાય છે. માટે જન્મ - મરણના ચક્કરમાંથી છૂટવા, દુઃખોથી છૂટવા- સાંખ્યદર્શનકાર કહે છે. **ज्ञानान्मुक्तिः** ૩.૨૩. અર્થાત્ **જ્ઞાન - તત્વજ્ઞાનથી મુક્તિ-મોક્ષ પ્રાપ્ત થાય છે.**

કોઈ પણ મનુષ્ય પોતાના જીવનમાં મુખ્યત્વે ત્રણ પ્રકારના કાર્યો કરતો હોય છે. (૧) જ્ઞાન પ્રાપ્તિ, (૨) કર્મ, (૩) ભક્તિ. માટે જ્યા સુધી આપણે **શુદ્ધ જ્ઞાન, શુદ્ધ કર્મ અને શુદ્ધ ઉપાસના** નહીં કરીએ ત્યાં સુધી મોક્ષ પ્રાપ્તિ - બધા દુઃખોથી પૂર્ણ રીતે છૂટી નહીં શકીએ.

# સમર્પિત સ્ત્રી

**સ્વામી સચ્ચિદાનંદ**

લગ્ન સસ્થા તો માત્ર સ્ત્રી-સમર્પણની બાહ્ય વ્યવસ્થા તથા બાહ્ય પ્રસિદ્ધિ છે. જેના દ્વારા પોતાના માટે તથા સમાજના માટે સમર્પણનું ક્ષેત્ર નિશ્ચિત થઈ જાય. વરવું તથા સમર્પિત થવું એ પરસ્પરની પોષક પ્રક્રિયા છે. પોતાના અસ્તિત્વને પ્રભુમાં સમાવી દેનાર ભક્ત જેમ પ્રભુમય થઈ જાય છે તેમ પતિમાં સમર્પિત થનાર સ્ત્રી પતિ સાથે અભિન્ન થઈને પતિમય બની જાય છે.

એક પરિચિત ડોકટરના ત્યાં જવાનું થયું. તેમનાં આદર્શ પત્નિએ જે વાત કરી તે આવી હતી. "હું પરણીને રવિશંકર દાદાને પગે લાગવા ગઈ." દાદાએ કહ્યું, "જો હું તો બ્રાહ્મણ છું. કાંઈ આપીશ નહિ, પણ ઊલટાનું તારી પાસે માગીશ. બોલ, હું માગું તે આપીશ?" મને થયું કે દાદા શું માગશે? થોડો સંકોચ સાથે મેં કહ્યું કે ભલે દાદા માગો. દાદાએ માગ્યું, "જો તું સુખ દેવા માટે પરણી છે. સુખ લેવા માટે નહિ માટે પોતાના સુખનો જરા પણ વિચાર કર્યા વિના તારા પતિ, સાસુ, સસરા વગેરે સૌને સુખ આપ્યા કરજે. બસ આટલું માગું છું. આપીશ ને?" મેં હા કહ્યું. પરણીને સાસરે આવી દાદાની વાતો મગજમાં ઘુમ્યા કરે "સુખ દેવા પરણી છે, સુખ લેવા નહિ". મારા પતિ તથા ઘરનો વડીલો વગેરે – નોકરો સુદ્ધાં – સૌને હું સુખ આપવા લાગી. મેં કદી મારા સુખની પરવા જ ના કરી. થોડા જ સમયમાં મેં અનુભવ્યું કે સૌને મારા સુખની ચિંતા થવા લાગી છે. સૌ કોઈ મારી કાળજી રાખતું થયું છે. પરણ્યાના એક જ વર્ષમાં ડોકટર સાથે મારું વ્યક્તિત્વ એટલું સમાઈ ગયું કે ડોકટરે તિજોરીની ચાવીઓ, બેન્કોની પાસબુકો વગેરે બધું મને સોંપી દીધું. મારા સમર્પણનું પરિણામ આ પ્રત્યાર્પણ હતું. હું ધન્ય થઈ ગઈ. ભલું થોજો દાદાજી, જેમણે મને જીવનમંત્ર આપ્યો. હવે આ બંગલો, તિજોરી, દસ્તાવેજો, પાસબુકો વગેરે કોઈ પુરુષનું ન હતું પણ મારા પતિનું હતું અને મારા સમર્પણથી અને એમના પ્રત્યાર્પણથી અમે પતિ-પત્ની જ માત્ર ન હતાં પણ દંપતી હતાં. એટલે આ બંગલો વગેરે બધું મારું થઈ ગયું હતું. અહો, શું સમર્પણનું સુખ અને પરિણામ! આ સાચી ઘટના અસંખ્ય સ્ત્રીઓની કથા છે. મોટાભાગની સ્ત્રીઓ સમર્પિત થઈને પ્રત્યાર્પણથી કૃત-કૃત્ય બની જતી હોય છે. આ રાજમાર્ગ છે. મોટાભાગની પ્રજા આ માર્ગે ચાલીને સુખી થતી હોય છે.

(સંદર્ભ પુસ્તક :- ચાલો, અભિગમ બદલીએ)

# બાળકોને કેવું શિક્ષણ આપવું ?

**સ્વામી દયાનંદ સરસ્વતી નિર્મિત વ્યવહાર ભાનુ**

**પ્રશ્ન:-** પોતાના સંતાનોને માતા, પિતા અને આચાર્ય કેવું શિક્ષણ આપે?

**ઉત્તર :-** मातृमान् पितृमानाचार्यवान् पुरुषो वेदः (શતપથ બ્રાહ્મણ) તે મનુષ્ય ભાગ્યશાળી છે કે જેનો જન્મ ધાર્મિક વિદ્વાન માતા-પિતા અને આચાર્ય સાથે સંબંધિત છે કેમ કે એ ત્રણેના શિક્ષણથી મનુષ્ય ઉત્તમ બને છે. એ પોતાના સંતાન અને વિદ્યાર્થીઓને સારી ભાષા બોલતાં, ખાતાં, પીતાં, બેસતાં, ઊઠતાં, વસ્ત્ર પહેરતાં, માતાપિતા આદિનું માન રાખવા, તેમની સાથે યથેષ્ઠાચારી ન બનવા, વિરુદ્ધ વર્તન ન કરવા વગેરે માટે પ્રસંગોપાત્ત ઉપદેશ આપે અને જેમ જેમ તેમની શક્તિ વધતી જાય તેમ તેમ ઉત્તમ વાતો શીખવતા જાય. આ રીતે બાળક-બાળિકાઓને પાંચથી આઠ વર્ષની વય સુધી માતાપિતા અને તે પછી આચાર્ય તરફથી શિક્ષણ મળવું જોઇએ.

**પ્રશ્ન:-** શું જેવું ઈચ્છે તેવું શિક્ષણ આપવું?

**ઉત્તર:-** ના, જે પોતાના પુત્ર, પુત્રી અને વિદ્યાર્થીઓને સંભળાવે તે સાંભળો મારા દીકરા, દીકરી, વિદ્યાર્થી, તારા શીઘ્ર વિવાહ કરીશું. તું આની દાઢીમૂછ પકડ, આની જટા પકડી ઉપરણું ફેંકી દે, થપ્પડ માર, ગાળ દે, આના કપડાં ઝૂંટવી લે, ઓઢણી કે ટોપી ફેંકી દે, રમ, હસ, રડ, તારા લગ્નમાં સાંબેલા કાઢીશું. આ બધી વાતો કુશિક્ષણ છે. એને માતાપિતા, આચાર્ય સમજવા ન જોઈએ. પણ સંતાન અને વિદ્યાર્થીઓના એ પાકકા શત્રુ અને દુ:ખદાતા છે. ખરાબ ચેષ્ટા જોઈ બાળકોને જે ઘુરકતા નથી, દંડ દેતા નથી, તે માતાપિતા કે આચાર્ય શી રીતે કહેવાય? જે પોતાની સામે ગમે તેમ બકવા, નિર્લજ્જ થવા, નકામા ચેનચાળા કરવા વગેરે ખરાબ કામોથી દૂર કરી વિદ્યા આદિ શુભ ગુણ માટે ઉપદેશ નથી આપતા. તન, મન અને ધનથી ઉત્તમ વિદ્યા વ્યવહારનું સેવન કરાવી પોતાના સંતાનોને હંમેશા શ્રેષ્ઠ નથી બનાવતા તે માતાપિતા આચાર્ય કહેવાય નહિ. જે પોતાના સંતાન-શિષ્યને ઈશ્વરની ઉપાસના, ધર્મ, અધર્મ, પ્રમેય, સત્ય, મિથ્યા, પાખંડ, વેદશાસ્ત્ર આદિના લક્ષણ અને તેના સ્વરૂપનું યથાવત જ્ઞાન આપી શક્તિ પ્રમાણે તેમને વેદશાસ્ત્રના વચન પણ કંઠસ્થ કરાવી વિદ્યા ભણવા, આચાર્યને અનુકૂળ રહેવાની રીતી બતાવે કે જેથી વિદ્યા પ્રાપ્તિ આદિ પ્રયોજન નિર્વિઘ્ને સિદ્ધ થાય તે જ માતાપિતા અને આચાર્ય કહેવાય છે.

(સ્વામી સ્વતંત્રાનંદજીની પ્રેરણાથી પં. રુચિરામ અરબ દેશોમાં વૈદિક ધર્મના પ્રચાર અર્થે સન્ ૧૯૨૯ થી ૧૯૩૫ સુધી સાત (૭) વર્ષ અરબ દેશોમાં અનેક કષ્ટો વેઠીને ફર્યા હતાં. તેમની યાત્રાનું વર્ણન ગુજરાતી અનુવાદ સાથે દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવે છે.)

# અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર

પં. રુચિરામ આર્યોપદેશક

સ્મૃતિશેષ હસમુખરાય પરમાર

ગતાંકથી આગળ...

તુર્કીમાં બે મહીના પ્રચાર કરીને હું અતનાથી ઈસકંદરૂના પાછો ફર્યો. ઈસકંદરૂનામાં તુર્કી સેનાએ છાવણી નાખી હતી. જ્યારે હું ઈસકંદરૂનાથી મોટર દ્વારા અઢી કલાકની મુસાફરી પછી હલબ પહોંચ્યો ત્યારે જોયુ કે અહીં અરબોના હૃદયમાં આતંક છવાઈ ગયો છે. ચારે તરફ અફવા ફેલાઈ ગઈ કે હલબમાં ફ્રેંચોના શાસનને હટાવીને તુર્કીનુ રાજ્ય આવશે. પ્રજામાં બે પક્ષ પણ બની ગયા હતા. એક પક્ષ તુર્કીનું શાસન ઈચ્છતો હતો અને બીજો પક્ષ એના વિરોધમાં હતો. આ બીજા પક્ષની માન્યતા હતી કે તુર્કીનું શાસન આવવાથી નમાજ અને કુરાન પઢવાનું પણ બંધ થઈ જશે. દાઢી અને બુરખાને પણ છોડવા પડશે. ઈસકંદરૂનામાંથી થોડા દિવસો પછી તુર્કી સેના જાતે જ ચાલી ગઈ. જેથી હલબના લોકોને શાંતિ થઈ.

દુર્ભાગ્યાવશ હલબ પહોંચતા જ મને પોલીસે પકડી લીધો. મારી પાસેથી બધા ખાનગી પત્રો અને કાગળ લઈ લીધા. આખી રાત મને પોલીસની કસ્ટડીમાં રાખ્યો. સવારે મેજિસ્ટ્રેટની સામે મને રજૂ કરવામાં આવ્યો અને જુબાની આપી કે હું ભારતવર્ષથી અહીં સુધી અરબ રાજાઓની આજ્ઞાનુસાર પ્રચાર કરતો આવ્યો છું. મેજિસ્ટ્રેટે મને આજ્ઞા કરી કે અંગ્રેજી કોંશલ (દૂત) પાસે જઈને પાસપોર્ટ બનાવી લો અને તેમની પાસે એમ પણ લખાવી લાઓ કે તમે અંગ્રેજી પ્રજાના માણસ છો.

મારા માટે પાસપોર્ટ બનાવવો મોટી સમસ્યા હતી. અંગ્રેજી કોંશલ (દૂત) પાસેથી પાસપોર્ટ ત્યારે જ મળે જ્યારે મારી અરજી મારા ગામના પોલીસ સ્ટેશનમાં જાય અને ત્યાંથી મારી સારી ચાલ-ચલગતનું પ્રમાણપત્ર મળે અને મે કયારેય રાજકીય કાર્યોમાં ભાગ લીધો નથી એ પણ જણાવવામાં આવે. જો મારી વિરુદ્ધ કોઈ રિપોર્ટ મળે તો મને તે સમયે જ કેદ કરવામાં આવે. એ બધી બાબતોને ધ્યાનમાં લેતા મેં પાસપોર્ટ લેવાનું યોગ્ય ન માન્યું

અને હું અલઈરાક તરફ ચાલી નીકળ્યો. હલબથી રિકા તરફ આવતા માર્ગમાં એક મોટરગાડી મળી. મોટરનો ડ્રાઈવર એક સજ્જન માણસ હતો. તેણે મને ગાડીમાં બેસાડયો. રિકાની નજીકમાં જ એ મોટર પલટી ગઈ. મારા ઘૂંટણમાં ઈજા થઈ. તેમ જ થોડી વાર બેભાન થઈ ગયો. ત્યાંના લોકોએ મને ત્યાં બે સપ્તાહ ત્યા રોકયો. હું ત્યાં વૈદિક ધર્મનો પ્રચાર કરતો રહ્યો.

ત્યાંથી ચાલીને ત્રણ દિવસ બાદ અબૂ-કમાલ પહોંચ્યો અને ત્યાં એક સપ્તાહ સુધી પ્રચાર કર્યો. અહીં ફ્રાંસનું શાસન પુરૂ થાય છે અને અલ ઈરાકનો વિસ્તાર પ્રારંભ થાય છે. આ પુસ્તકનો ચોથો અધ્યાય એક વર્ષ, ચાર મહિના અને બાર દિવસની યાત્રા સાથે અહીં સમાપ્ત થાય છે. આગળના અધ્યાયમાં અલઈરાકની યાત્રાનું વર્ણન કરીશું.

## પાંચમો અધ્યાય

## અલઈરાક

### બગદાદમાં પ્રસ્થાન

રેલગાડી કે કોઈ અન્ય વાહનોના ઉપયોગને બદલે મેં હંમેશા પગપાળા ચાલવાનો જ પ્રયત્ન કર્યો છે, એટલે ભગવાનનું નામ લઈને ફરાત નદીનો કિનારો પકડીને બગદાદ તરફ ચાલવાનું શરૂ કર્યું.

એક સપ્તાહ ચાલ્યા પછી મને રણમાં કેટલાક મજૂરોં કામ કરતા મળ્યા, જે એક અંગ્રજી કંપનીની આજ્ઞાનુસાર નવી રેલ્વે લાઈન નાખી રહ્યા હતા. આ એ મોટી રેલ્વે લાઈનનો એક ટૂકડો હતો, જે અંગ્રેજો અરબ અને લંડન વચ્ચે બનાવવા માંગતા હતા. બસરાથી લઈને મૂસલ સુધીની રેલગાડી તુર્કીના સમયથી ચાલી રહી છે. હલબથી બૈરૂત સુધી પણ રેલગાડી ચાલે છે. હવે હલબથી બગદાદ સુધી રેલવેલાઈન બની જાય તો અહીંથી લંડન જવાનો માર્ગ ખૂલી જશે. ભારતથી યુરોપ જવાવાળા માટે જહાજની યાત્રા ફક્ત બસરા સુધી થશે. ત્યારબાદ બસરાથી રેલગાડીમાં બેસીને બૈરૂત બંદરે પહોંચી શકાશે. અહીં જહાજથી યુરોપ જવા માટેનો સીધો રસ્તો છે.

હું ફરાત નદીના કિનારે-કિનારે ચાલતો ગયો. અહીંના આરબો ખેતી કરે છે. ઘઉં પણ પાકે છે. જ્યાં નજર કરો ત્યાં ખજૂરના વૃક્ષો જોવા મળે છે. હું સૌપ્રથમ રૂમાદી નામના શહેરમાં પહોંચ્યોં. ત્યાં થોડા દિવસો વૈદિક ધર્મના પ્રચાર કરીને બગદાદ જઈ પહોંચ્યોં.

અબૂ કમાલથી ચાલતા-ચાલતા રસ્તામાં કેટલાય નાના-નાના ગામ આવે છે. તેમાં પ્રચાર કરતા-કરતા હું ચાલીસ દિવસે બગદાદ પહોંચ્યોં હતો. અલઈરાકમાં બગદાદ સૌથી મોટું અને ઐતિહાસિક શહેર છે. આરબના પ્રદેશોમાં તુર્કીનું શાસન સમાપ્ત થયા બાદ શરીફ હુસેનને બગદાદના બાદશાહ બનાવવામાં આવ્યાં. હું ત્યાં પહોંચ્યોં ત્યાર પહેલા જ એમનું મૃત્યુ થઈ ગયું હતું. એમની કબર બૈતુલમુકદસ, પેલેસ્ટાઈનમાં મસ્જિદ અલઅકસના હરમ શરીફમાં મૌલાના મોહમ્મદ અલીની કબર પાસે જ છે. તે સમયે બગદાદમાં મલિક ફૈસલ ઈબન શરીફ હુસેનનું શાસન હતું.

અહીંથી બસરા સુધી રેલગાડી ચાલે છે. ભારત અને યુરોપથી વિમાનોની આવ-જા થાય છે. ઘણા બધા છાપખાના (પ્રેસ) છે. જેમાંથી અંગ્રેજી અને અરબીના સમાચારપત્રો નીકળે છે.

મહાયુદ્ધ (પ્રથમ વિશ્વયુદ્ધ)ના સમયથી ભારતીય હિન્દુ, મુસ્લિમ, શીખ અહીં વસ્યા છે, જે અહીંના રાજ્ય કાર્યમાં ભાગ લે છે. આખા ઈરાકમાં અંગ્રેજી અને અરબીની શાળાઓ છે. અંગ્રેજી ભણેલાઓને વિશેષ સન્માન મળે છે. દાઢી અને બુરખાનું નામોનિશાન પણ નથી.

ભારતીયોને સાથે આરબ ઈસાઈ અને આરબ યહુદી પણ વસે છે. આરબ મુસલમાનોની તો આ જ ભૂમિ છે, પણ તેમાં શિયા સંપ્રદાયના મુસલમાન વધુ છે. મુસલમાનો માટે આ એક પવિત્ર શહેર ગણાય છે. અહીં હજરત અબ્દુલ કાદર જિલાનીની જિયારતગાહ છે, જે સુન્ની મુસલમાનોના એક મોટા પીર હતા. ભારતીય મુસલમાનો ત્યાં દર્શન માટે આવતા હોય છે.

હું જ્યારે ત્યાં વૈદિક ધર્મનો પ્રચાર કરી રહ્યો હતો ત્યારે લોકોએ મને પૂછયું કે તમે જીન-ભૂતને કેમ માનતા નથી? મેં તેમને સમજાવ્યું કે હકીકતમાં જીન-ભૂત જેવી કોઈ વસ્તુ છે જ નહિ. આરબોએ કહ્યું કે અહીં એક કબ્રસ્તાન છે, જેમાં ઈમામ જિલાનીને દફન કરવામાં આવ્યા છે. એ કબરમાંથી ક્યારેક-કયારેક એક જીન નીકળે છે અને જે સિપાઈ તે સમયે ત્યાં પહેરો ભરતો હોય છે તેને કહે છે કે સવારની નમાજની અજાન સુધીમા એક રિયાલ(ત્યાંનો સિકકો) લાવીને અહી રાખી દો. લોકો ભયના કારણે એ સમય પહેલા જ એક રિયાલ ત્યાં રાખી દે છે. મારા મનમાં એ જીન-ભૂતના સાક્ષાત્ દર્શન કરવાની પ્રબળ ઈચ્છા થઈ. સંજોગોવશાત્ એક દિવસે કાળા-કાળા વાદળો ઘેરાઈ ગયા અને રાત્રે બિલકુલ અંધારૂ હતું. રાત્રે દસ વાગ્યે હું એ કબ્રસ્તાનમાં પ્રવેશ્યો. હું એ કબરની પાસે ગયો ત્યારે ત્યાં કોઈ ન હતું. એટલે કબ્રસ્તાનની બીજી તરફ

ઝાડ પાછળ સંતાઈને જોવા લાગ્યો. એક કલાક પછી કોઈના ધીરે-ધીરે ચાલવાનો અવાજ સંભળાયો. વધુ અંધારાને લીધે પ્રયત્ન કરવા છતા કોઈ દેખાયું નહીં. ત્યાં અચાનક મેઘગર્જના થઈ અને વીજળી ચમકી તેના ક્ષણિક પ્રકાશમાં મે જોયું કે ઈમામ જિલાનીની કબર પાસે કોઈ માણસ ઊભો છે. તે આમ તેમ જોઈને કબર પર સૂઈ ગયો. તે સૂતો જ હતો ત્યાં ફરીથી પ્રકાસ થયો અને મેં તેને સફેદ ચાદર ઓઢેલો જોયો. ચાદર ઓઢયા બાદ પંદર-વીસ મિનિટ રોતો રહ્યો અને તેટલી જ વાર હસતો રહ્યો. મેં તેની તરફ ચાલવાનું શરૂ કર્યુ. તે મારા અવાજને સાંભળીને જોરથી બોલ્યો, ''દૂર ભાગી જા અને સવારની નમાજ પહેલા એક રિયાલ અહીં રાખી દેજે.''

હું કબરની પાસે ગયો અને તેને કહ્યું, ''તું ઊભો થઈ જા નહિતર તારો ખરાબ સમય આવી ગયો છે એમ માનજે.'' એણે તો જાણે ન ઉઠવાનો નિશ્ચય કરી લીધો હોય એમ પડયો રહ્યો. હું એક લાકડી સાથે લાવ્યો હતો, તેનો પ્રયોગ ચાલુ કર્યો. બે-ચાર લાકડીઓ પડતા ઊભો થઈને ભાગવા લાગ્યો. હું તેની પાછળ દોડયો. દોડતા-દોડતા એક લાકડી તેના પગ પર વાગતાજ તે પડી ગયો. મેં ચોકમાં ઊભા રહેતા સિપાઈને બોલાવ્યો અને બધી વિગત જણાવી અને તેને સિપાઈને હવાલે કર્યો. સવારે ખબર પડી કે તે માણસ મુસલમાનોના પીર હજરત અબ્દુલ કાદિર જીલાનીની કબરનો મુંજાવર (પૂજારી) છે. તેણે જણાવ્યું કે તેના પીરે તેને કહ્યું હતું કે જે દિવસે ચરસ માટે પૈસા ન હોય તે દિવસે કબર ઉપર જીન-ભૂત બનીને લોકો પાસેથી પૈસા લેતો રહેજે. એ સાંભળીને પોલીસ થાણામાં હાસ્ય રેલાયું. કેટલાક પ્રતિષ્ઠિત માણસોએ તેના પર દયા ખાઈને તેને એ શરતે છોડવાની ભલાણ કરી કે તે હવે પછી આવી રીતે જીન બનીને કોઈને લૂંટશે નહીં.

મહાયુદ્ધના સમયથી અહીં ભારતીય મુસલમાનોની જેમ જ ભારતીય હિન્દુઓ પણ આવીને વસ્યા છે. તેમાં પંજાબી હિન્દુઓની સંખ્યા વધુ છે. અલઈરાકની સરકારનો કાયદો છે કે ત્યાંનો કોઈ પણ મુસ્લિમ ધર્મ પરિવર્તન કરી શકે નહીં. આટલો કડક આદેશ હોવા છતા અલઈરાકની અરબી જનતા હિજબુલ્લાહ (આર્યસમાજ)માં સામેલ થતી રહીં. આર્યસમાજના વાર્ષિક ઉત્સવમાં ભારતીય મુસલમાન ભાઈઓ પણ પધાર્યા હતા. દશેરાનો તહેવાર આર્યસમાજ બગદાદમાં ઉજવવામાં આવ્યો, જેમાં આર્યસમાજી ભાઈઓની સાથે ત્યાંના આરબ નિવાસી અને શીખ મહાનુભાવોએ પણ હાજરી આપી.

**- અનુસંધાન પાના નં. ૧૨ ઉપર**

# ગુજરાતનું ગતિશીલ આર્યસમાજ

ટંકારા વિસ્તારમાં વૈદિક ધર્મના પ્રચાર અને પ્રસાર માટે અનેકવિધ પ્રવૃત્તિઓ હાથધરવામાં આવે છે. જેમાં એક પ્રકલ્પ છે- **અગ્નિહોત્ર રથ.**

શ્રાવણ માસની અમાસથી શરૂ કરીને દર મહિનાની પૂનમ અને અમાસના દિવસે આ અગ્નિહોત્રરથ સાંજે ત્રણ વાગ્યાથી સાત સુધી ટંકારાના અલગ-અલગ વિસ્તારોમાં ફરે છે. જેમાં આર્યસમાજ ટંકારાના પંડિતજી સુવાસજી શાસ્ત્રી અને આર્યવીરો દ્વારા આગ્નિહોત્ર ચાલતો રહે છે. આ રથ જે વિસ્તારમાં પહોંચે છે ત્યાંના રહીશો તેમા આહુતિ આપી ધન્યતા અનુભવે છે. સાથે સાથે વૈદિક ધર્મના પ્રચાર અર્થે પત્રિકાઓ અને પુસ્તકોનું વિતરણ પણ કરવામાં આવે છે.

ટંકારા ગામમાં ઘણ બધા યાજ્ઞિક પરિવારો છે જે પોતાના ઘરે દૈનિક, સાપ્તાહિક યજ્ઞ કરે છે. આ પરિવારોને યજ્ઞ માટે જરુરી સામગ્રી અને સમિધાનું પણ નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. જેનાથી ભવિષ્યમાં યાજ્ઞિક પરિવારોની સંખ્યા પણ વધશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્મૃતિશેષ હસમુખભાઈ પરમાર સાહેબની સ્મૃતિમાં બનાવેલ આ રથ છેલ્લા ત્રણ માસથી દર રવિવારે ટંકારાની નજીકના જબલપુર, લખધીરગઢ, વાઘગઢ અને નાના ખિજડીયા ગામમાં સવારે પહોંચે છે. આર્યસમાજના પદાધિકારીઓ, આર્યવીરો ગામ લોકો સાથે મળીને અગ્નિહોત્ર કરે છે. ત્યારબાદ વેદ પ્રવચન દ્વારા લોકોને વૈદિક ધર્મ અને તેના સિદ્ધાંત વિશે જાણકારી આપવામાં આવે છે. ત્યારબાદ રથના પુસ્તકાલયમાંથી પુસ્તકો ગામ લોકોને વાંચવા માટે આપવામાં આવે છે. ચારેય ગામના લોકો બહોળી સંખ્યામાં અગ્નિહોત્ર અને પુસ્તકાલયનો લાભ મેળવે છે.

---

**સૂચના........**

આર્ય વૈદિક દર્શન માસિકમાં આવતા લેખો, મંતવ્યો વિશે આપના તરફથી સૂચનો અને અભિપ્રાયો આવકારીએ છીએ.

આપના તરફથી વિચારોં અને લેખન સામગ્રી મોકલવા વિનંતી છે.

## ઘનઘોર જંગલમાં...

પ્રવકતા : મહાત્મા આનંદ સ્વામી
અનુવાદક : દયાલ આર્ય

### પ્રથમ દિવસ

ગતાંકથી આગળ ....

**ओ३म् त्वं हिन: पिता वसो त्वं माता शतक्रतो बभूविथ अधाते सुम्नमीमहे।**

સામાન્ય રીતે જવાહરલાલ ભાષણ આપે, તો તેનો અવાજ ઘણું કરીને લાખ, બે લાખ અથવા દસ લાખ માણસો સાંભળી શકે. રેડિયોના અગ્નિની સાથે મળી જવાથી એ અવાજને કરોડો માણસો સાંભળી શકે છે. હજારો માઈલ દૂર પણ સંભાળી શકે છે. જે કોઈ પણ શક્તિ અગ્નિમાં પડીને અગ્નિમય બને તેની શક્તિ લાખો કરોડો ગણી વધી જશે અને જ્યારે એ આત્મા અગ્નિરૂપ પરમાત્માની સાથે મળશે તો તેની શક્તિ પણ કરોડ ગણી વધી જશે. તેમાં એ આનંદ ઊછળી ઊઠશે, તે શક્તિ જાગી ઊઠશે, જે યજ્ઞ વિના, અગ્નિ સ્વરૂપ પરમાત્માની સાથે આત્માને મેળવ્યા વિના ક્યારેય જાગૃત થઈ શક્તી નથી.

આ દેવપૂજા છે પરંતુ આ તો જડ દેવતાઓની પૂજા છે. તેના સિવાય ચેતન દેવતાઓ પણ છે. માતા દેવતા છે, પિતા દેવતા છે, શિક્ષણ આપનાર ગુરુ દેવતા છે, બોલાવ્યા વિના અથવા બોલાવ્યાથી ઘરે આવનાર અતિથિ પણ દેવતા છે. માટે ઉપનિષદોએ કહ્યું –

**मातृदेवोभव पितृदेवोभव आचार्यदेवोभव अतिथिदेवोभव।**

માતા સમાન બીજી કોઈ મહાન હયાતી આ અસાર સંસારમાં નથી એમ આપણાં શાસ્ત્રો માને છે. માતાને ખૂબ જ ઊંચી પદવી આપી છે. આગળ પણ કહ્યું છે –

**नास्ति माता समं तीर्थं नास्ति माता समं प्रिय:।**
**नास्ति माता समं पूज्या नास्ति माता समं गति: ।।**

માતા સમાન બીજું કોઈ તીર્થ નથી. માતા સમાન બીજું કોઈ પાલનકર્તા નથી. માતા સમાન કોઈ પૂજ્ય નથી. માતાની પૂજા સમાન બીજું કોઈ પુણ્ય નથી. જેની માતા જીવે છે તેને બીજા કોઈ તીર્થસ્થાનમાં જવાની જરૂર નથી. તેનું તીર્થ ઘરમાં હાજર છે. આપણાં શાસ્ત્રોએ માતાને સમજયા-વિચાર્યા વિના આ પદવી આપી નથી. માતા જ આ સંસારસાગરને તરવા માટે મનુષ્યને શરીર રૂપી નાવ પ્રદાન કરે છે. તે સુંદર વિચારોનાં હલેસાં

મારીને કહે છે, "જા બેટા! હવે એ હલેસાંની સહાયતાથી એ નાવ ચલાવ, જા, તું ભવસાગર પાર તરી જઈશ."

એટલા માટે માતાને દેવતા કહેલ છે. એવી રીતે પિતાને, આચાર્યને અને અતિથિને પણ દેવતા કહ્યા છે. એ બધાની પૂજા કરવી, સત્કાર કરવો એ દેવયજ્ઞ છે.

દેવ પછી દ્વિજ, પરંતુ એ દ્વિજ કોણ છે? બાળક જ્યારે મોટો થાય છે, જ્યારે તે સમજવા માંડે છે ત્યારે ગુરુ પાસે જાય છે. ગુરુ તેને શિક્ષણ આપે છે. તે બાળકનો બીજો જન્મ છે. તે સમયે જનોઈ ધારણ કરીને તે દ્વિજ બને છે. ગુરુતુલ્ય માણસોની સેવા કરવી, તેમનો સત્કાર કરવો, તેમને મદદ કરવી એ પણ એક શારીરિક તપ છે.

ગુરુની સેવા કરવી એ પણ એક તપ છે. ગુરુ તેને કહે છે કે જે પરમાત્માની પ્રાપ્તિનો સીધો રસ્તો બતાવે, જે કલ્યાણકારી માર્ગ તરફ દોરે, ધર્મના ચીલે ચડવાની પ્રેરણા આપે. એવા ગુરુને શોધવાની તથા તેની પાસે જવાની આજ્ઞા ઉપનિષદોએ આપી છે –

**तद् विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठं तद्विज्ञानार्थम्।** તેના અર્થાત્ આત્મા અને પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આત્મા અને પરમાત્માના દર્શન કરવાનાર વિજ્ઞાનને પ્રાપ્ત કરવા માટે તે અર્થાત્ જ્ઞાનનો અભિલાષી ગુરુની પાસે જાય. પરંતુ કેવી રીતે જાય? શું અકકડ બનીને? પોતાની ધન-સંપત્તિનું અભિમાન લઈને, પોતાની મોટાઈનો ગર્વ લઈને? નહીં, **समित्पाणिः** હાથમાં સમિધા લઈને, માથું નમાવીને, વિનમ્ર બનીને, તેની પાસે જાય. પરંતુ જાય કોની પાસે? કેવા ગુરુની પાસે પહોંચે? ઉપનિષદ્ કહે છે **श्रोत्रियम्** જે ચારેય વેદોના જાણકાર હોય તેની પાસે જાય. દરેક જાતના જ્ઞાન અને વિજ્ઞાનો સ્વામી હોય અને **ब्रह्मनिष्ठ** – જેણે બ્રહ્મની પ્રાપ્તિ કરી લીધી છે, આત્મદર્શન કરેલ છે, પરમાત્માને અનુભવથી જોઈ લીધા છે એવા ગુરુની પાસે જવું જોઈએ.

આજકાલ ગુરુ તરીકે સ્થાપવાની પ્રથા ખૂબ જ જોરદાર ચાલી રહી છે. કેટલાય માણસો મારી પાસે આવીને કહે છે કે, અમે તમોને ગુરુ તરીકે સ્થાપવા ઈચ્છીએ છીએ. હું હસીને કહું છું, 'અરે બાબા! ગુરુ તો બધાનો પરમાત્મા છે, મને તમે ગુરુ કેવી રીતે બનાવી લેશો?' પરંતુ આજકાલ ગુરુ બનનારનો પણ રાફડો ફાટયો છે. તેઓની એવી ઈચ્છા હોય છે કે પોતાના વધારેમાં વધારે ચેલાઓ થાય. તેઓએ એજન્ટો બનાવી રાખ્યા છે જે

લોકોની પાસે જઈને કહે છે, ફલાણી વ્યક્તિને ગુરુ બનાવી લ્યો. એ એજન્ટો (કમીશન એજન્ટો) પોતાની સાથે રજીસ્ટર લઈને ફરે છે, તેમાં તેઓ ચેલાઓના નામ લખતા રહે છે. આવો ગુરુવાદ યોગ્ય નથી, એવા ગુરુ પણ બરાબર નથી.

ગુરુમાં ત્રણ ગુણો હોવા જરૂરી છે. પહેલો ગુણ તેની પાસે બેસવાથી જીવ ચોંટે, બેસવાની મરજી થાય. એમ નહીં કે બેઠા પછી થોડી જ વારમાં મન કહે કે ચાલો. જે વ્યક્તિની પાસે બેસવાથી મન ન ચોંટે, ઈચ્છા ન થાય, તો સમજો કે તેનામાં ગુરુ બનવાનો ગુણ નથી. દરેક વ્યક્તિમાં એક આકર્ષણશક્તિ હોય છે. તેને અંગ્રેજીમાં Personal Magnetism કહે છે. યોગાભ્યાસથી, આત્મદર્શનથી સુકર્મ અને સદાચારથી એ આકર્ષણશક્તિ એટલી વધી જાય છે કે બાજુમાં બેઠેલ વ્યક્તિ ગુરુ પાસે જેમ લોહચુંબક લોઢાને ખેંચે છે, તેમ તેના તરફ ખેંચાય છે. બેસનારનું મન તેના તરફ ખેંચાયા કરે છે. આકર્ષણનાં મોજાંઓ, કિરણો તે વ્યક્તિની અંદરથી નીકળવા માંડે છે. તે પાસે બેસાનારને જાણે કે પોતાની સાથે બાંધી રાખે છે. આ પહેલો ગુણ છે. જો આ ગુણ તમારા ગુરુમાં નથી તો માનો કે તમે ખોટા માણસની પાસે પહોંચી ગયા છો. એ વ્યક્તિમાં તમારા ગુરુ બનવાની યોગ્યતા નથી.

બીજી વાત એ છે કે એ વ્યક્તિએ પોતાની જીભને કાબુમાં કરી છે કે નહિ. એ જીભ બહુ જ શક્તિશાળી ઈન્દ્રિય છે. એ સ્વાદ લે છે અને બોલે પણ છે. એ એક સાથે જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયનું બન્નેનું કામ કરે છે. જેણે તેને વશ કરી નથી તે બીજી કોઈ ઈન્દ્રિયને વશ કરી શકતો નથી. જો કોઈ માણસની જીભ કડવાં વેણ જ ઓચરતી હોય, દિલ દુભાય તેવી વાત કરતી હોય તો માનો કે તેણે પોતાની જીભ ઉપર અધિકાર કર્યો નથી અને માણસ હર વખત સ્વાદ જ ગોતતો ફરે છે, હર વખત ખાવાનો મેનૂ (Menu) જ બનાવતો રહેતો હોય તો માનો કે તે માણસ વિદ્વાન હોવા છતા કોઈ એક દિવસ તેનું પતન જરૂર થશે. એવી વ્યક્તિઓ ગુરુ બનવાને લાયક નથી. જેણે પોતાની ઈન્દ્રિયને વશ કરી નથી. તે તમોને શું શીખવશે?

અને જો તે બન્ને ગુણો તેનામાં હોય એટલે કે તેની પાસે બેસી રહેવા મન ઈચ્છે અને તેણે પોતાની જીભને વશમાં રાખી લીધી છે તો થોડો સમય તેની પાસે રહીને તેને છેડી જુઓ કે તેને ક્રોધ આવે છે કે નહિ. જો તેનામાં ક્રોધની જવાળાઓ ભડભડતી હોય તો માનો કે તે વ્યક્તિ ગુરુ બનવાને લાયક નથી.

સંત દાદૂની કથા મેં ઘણીવાર સંભળાવી છે. તમે પણ સાંભળો. દાદૂ એકવાર નવા તાલુકામાં ચાલ્યા ગયા. નગરથી દૂર જંગલમાં મુકામ કર્યો. જેમ

જેમ માણસોને પત્તો લાગતો ગયો તેમ તેમ જંગલમાં આવીને પ્રભુભક્તિનું અમૃત પીવા લાગ્યા. શહેરના કોટવાળે પણ દાદૂના આવવાની વાત સાંભળી. તેના મનમાં પણ થયું કે જેની બધાય પ્રશંસા કરે છે તે મહાત્માના દર્શન તો કરું. પોતાના ઘોડા પર ચડીને કોટવાળ સાહેબ જંગલ તરફ ચાલ્યા. સારો એવો માર્ગ વટાવવા છતાં દાદૂ મહારાજનો પત્તો ન લાગ્યો. થોડેક દૂર જતાં એક વ્યક્તિ જોવામાં આવી-તેનું દુબળુંપાતળું શરીર. માત્ર એક લંગોટી પહેરીને તે મનુષ્ય જાળાંઝાંખરાં સાફ કરી રહ્યો હતો. માર્ગની ઝાડીઓ કાપીને તેને દૂર ફેંકી દેતો, જેથી રસ્તો સાફ થઈ જાય. કોટવાળે તેની પાસે જઈને પૂછ્યું, ‘‘અરે એ ભિખારી! તને ખબર છે સંત દાદૂ ક્યાં રહે છે?’’

તે મનુષ્યે કોટવાળ તરફ જોયું પરંતુ કાંઈ બોલ્યો નહી. કોટવાળે માન્યું કે એ બહેરો છે. તે ચિડાઈને બોલ્યો, ‘‘અરે મૂર્ખ! હું પૂછું છું કે દાદૂ ક્યાં રહે છે?’’

તે વખતે તે વ્યક્તિએ કોટવાળ તરફ જોયું પણ નહિ અને પોતાનું કામ કરતો રહ્યો.

કોટવાળને ક્રોધ આવ્યો. ઘોડાનો ચાબુક હાથમાં હતો તેનાથી તે વ્યક્તિને મારવા માંડયો. ચાબુકથી તે વ્યક્તિના શરીર પર લીલાં ચકામાં ઊપસી આવ્યાં. તો પણ તે મનુષ્ય કાંઈ બોલ્યો નહિ ત્યારે કોટવાળે ચાબુકની લાકડી તેના માથા પર ફટકારતાં ચિડાઈને કહ્યું, ‘‘મૂર્ખના દીકરા! હા અથવા ના પણ નથી ફાટતો (બોલતો)?’’ પરંતુ તેમ છતાં પણ તે કાંઈ ન બોલ્યો. તેના માથામાંથી રકતની શેડય ફૂટી, તેની તરફ પણ તેણે ધ્યાન ન આપ્યું.

લોહી જોઈને કોટવાળ મારતો અટકયો. તે સમજ્યો કે આ વ્યક્તિ ફક્ત મૂંગો અને બહેરો જ નથી પરંતુ પાગલ પણ લાગે છે. ઘોડાને લઈને તે આગળ વધ્યો. થોડેક જ ગયો ત્યાં પોતાની આગળ જતો એક માણસ મળ્યો. કોટવાળે તેને પૂછ્યું, ‘‘અરે ઓ વટેમાર્ગુ! આ જંગલમાં સંત દાદૂ ક્યાં રહે છે તે તને ખબર છે?’’

તે માણસે કહ્યું, ‘‘તમોને આ માર્ગ પાછળ જોવામાં ન આવ્યાં? હું તો હમણા તેમને જોઈને આવ્યો છું.’’ કોટવાળે પૂછ્યું, ‘‘તે ક્યાં છે?’’

તે માણસે કહ્યું, ‘‘આ રસ્તામાં પાછળ તે હતા. લંગોટી પહેરીને રસ્તાની કાંટાવાળી ઝાડીઓ કાપી રહ્યા હતા. જેથી માર્ગમાં ચાલનારાઓને તકલીફ ન પડે.’’

ક્રમશઃ ......

# :: બાળ વિભાગ ::




ગતાંકથી આગળ...

**મહાન સમાજ સુધારક**
**મહર્ષિ દયાનંદનું જીવન ચરિત્ર**

લેખક - ચિત્રાંકન
ભારત મકવાણા

અનુવાદક
ડૉ. સદ્ગુણા આર્યા




સાચા ગુરુની શોધ કરતાં-કરતાં એક દિવસ મૂળશંકર ઓખીમઠ પહોંચ્યા. મૂળશંકરના તેજસ્વી વ્યક્તિત્વને જોઈને મહાધીશ ખૂબ પ્રભાવિત થયા. એમણે એમનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું. ત્યાં રહીને મૂળશંકરે જોયું કે ધર્મના નામપર અધર્મ થઈ રહ્યો હતો. વેદોના નામપર અગડમ્ બગડમ્ ગ્રન્થો ભણાવાઈ રહ્યા હતા.
મૂળશંકર ! આ મઠના મહાધીશ બની જાઓ, મારાં પછી મઠના સ્વામી તમે જ બનશો.
મહન્તજી ! મારા પરિવારમાં ધનની કમી નથી. હું તો ફક્ત સત્યની શોધ માટે ઘરેથી નીકળ્યો છું.
સ્વામી 'પૂર્ણાનન્દ સરસ્વતી' પાસેથી દિક્ષા લઈને શુદ્ધ ચૈતન્ય (મૂળશંકર) "સ્વામી દયાનંદ સરસ્વતી" કહેવાયા, પછી બાર વર્ષ સુધી સાચા ગુરુની શોધમાં ભટકતા રહ્યા.

ક્રમશઃ ...

## આર્યાભિવિનય

**इदं मे ब्रह्म च क्षत्रं चोभे श्रियमश्नुताम् ।**
**मयि देवा दधतु श्रियमुत्तमां तस्मै ते स्वाहा ।।** यजु. ३२-१६

**વ્યાખ્યાન :-** હે મહાવિદ્યાવાન, મહારાજ, સર્વેશ્વર! અમારા **ब्रह्म** (વિદ્વાન) અને **क्षत्रम्** (રાજા તથા રાજ્ય, મહાચતુર, ન્યાયકારી, શૂરવીર રાજાદિ ક્ષત્રિય) એ બંને આપની અનંત કૃપાથી યથાવત્ (અનુકૂળ) બનો. **श्रियम्** અમને સર્વોત્તમ વિદ્યાદિ લક્ષણયુક્ત મહારાજ્યશ્રી પ્રાપ્ત થાઓ. હે **देवाः** વિદ્વાનો! દિવ્ય ઈશ્વર-ગુણ, પરમ કૃપા આદિ, ઉત્તમ વિદ્યાદિ લક્ષણયુક્ત શ્રી મારામાં અચળતા (સ્થિરતા) થી ધારણ કરાવો. હું તેને અત્યંત પ્રીતિથી સ્વીકાર કરું અને એ શ્રીનો વિદ્યાદિ સદ્ગુણ અથવા સર્વ સંસારનાં હિત માટે તથા રાજ્ય આદિની વ્યવસ્થા માટે વ્યય કરું.

RNI Registration No. Guj/Guj/2015/63289
Posted at Rajkot - HO no 6th of every Months
Postal Regd. No. Rajkot / 672 / 2018-2020

प्रति,

**પ્રેષક :**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ – ટંકારા,**
**પિનઃ ૩૬૩૬૫૦ , જિ. મોરબી.**

Publisher and Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA P[illegible]DHI SABHA
Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha, Aryasamaj, Nr, Raipur Darvaja, Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11,Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL